શ્રી નૂતન સૌરાષ્ટ્ર
SINCE 1948
SHRI NUTAN SAURASHTRA

## હિમ દુર્ઘટના

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં માણા પાસે ભયાનક હિમસ્ખલન દુઃખદ અને ચિંતાજનક છે. ૫૪ મજૂરો અચાનક હિમસ્ખલનની ઝપટમાં આવી ગયા, પરંતુ સૌભાગ્યે મોટાભાગના મજૂરોને બચાવી લેવામાં આવ્યા. ભારત-ચીન સીમા પર નિર્માણ કાર્ય કરતા આ મજૂરોને બચાવવા માટે કરાતી દરેક કોશિશની પ્રશંસા થવી જોઈએ. ગ્લેશિયરવાળા વિસ્તારોમાં કોઈપણ પ્રકારનું નિર્માણ કરતાં બહુ સાવધાન રહેવાની જરૂર છે. આટલી મોટી સંખ્યામાં મજૂરોની ત્યાં હાજરી પર પણ સવાલ ઉઠાવવામાં આવશે. તેથી સડક નિર્માણમાં લાગેલા લોકોને સુરક્ષાની નવી વ્યવસ્થાઓ રાખવી પડશે. સીમા પર જ પ્રકારનો તણાવ છે, તેમાં સડક નિર્માણ જરૂરી છે, પરંતુ તેના માટે કોઈ સુરિક્ષત સમય કે હવામાન હોઈ શકે? આ દુર્ઘટના સંવેદનશીલ નિર્માણ સાથે જોડાયેલા લોકો માટે ગંભીર ચેતવણી છે. હિમસ્ખલનના મિજાજને સમજવો પડશે. ઉત્તરાખંડના સ્થાનિક લોકો તો તેમ છતાં હિમસ્ખલનને સમજે છે, પરંતુ હંમેશાં બહારથી આવનારા ગ્લેશિયરની પ્રવૃત્તિ સમજવામાં નિષ્ફળ રહે છે. હિમસ્ખલન દરમ્યાન બરફ, ખડક, માટી અને અન્ય સામગ્રીના ઢગલા ઝડપથી પહાડના ઢોળાવ પરથી નીચે તરફ સરકવા લાગે છે. હિમસ્ખલનમાં હંમેશાં ભૂસ્ખલન પણ સામેલ હોય છે.

હિમસ્ખલન ત્યારે શરૂ થાય છે જ્યારે બરફનો એક અસ્થિર ખંડ ઢાળથી તૂટીને અલગ થઈ જાય છે. ૫૪ મજૂરો જ નહીં, એક મજૂર પણ હિમસ્ખલનનું કારણ બની શકે છે. આ એક પ્રકારે વિશાળ હિમખંડનું ધ્યાન ભંગ કરવા જેવી વાત છે. વૈજ્ઞાનિક માને છે કે હિમસ્ખલનની ૯૦ ટકા ઘટનાઓ માનવજનિત હોય છે અને હંમેશાં એ માનવો પણ દુર્ઘટનાનો શિકાર થઈ જાય છે. હિમસ્ખલન ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાકથી પણ વધુ ઝડપથી પડી શકે છે. ભારતમાં જોકે ઓછાં હિમસ્ખલન થાય છે. પશ્ચિમ અમેરિકી પહાડોમાં દર વર્ષે લગભગ એક લાખ હિમસ્ખલન થાય છે. એક અનુમાન છે હિમસ્ખલનથી દર વર્ષે દુનિયામાં ૧૫૦થી વધારે લોકો માર્યા જાય છે. જરૂરી નથી કે માનવ ગતિવિધિઓને કારણે જ હિમસ્ખલન ઘટિત થતા હોય. તોફાન, તાપમાન, હવા, ઢાળ, ભૂભાગ, વનસ્પતિ અને સામાન્ય હિમપાતની સ્થિતિમાં પણ હિમસ્ખલનની આશંકા રહે છે. હિમસ્ખલનની આશંકા ત્યારે સૌથી વધારે હોય છે જ્યારે તાજી બરફવર્ષાને કારણે બરફના ઢગલાથી નવું સ્તર જામી જાય છે. ચમોલીમાં કદાચ એવું જ થયું. પાછલા દિવસોમાં પહાડોમાં અનેક જગ્યાએ બરફવર્ષા થઈ છે. હજુ ભૂસ્ખલની ભવિષ્યવાણી શક્ય નથી. હિમસ્ખલન ક્યારે અને ક્યાં થશે તે કોઈ નથી જાણતું. બરફના ઢગલા, તાપમાન અને હવાની સ્થિતિની તપાસ કરીને ખતરાના સ્તરનું અનુમાન લગાવી શકાય છે. મતલબ, ગ્લેશિયરના વિસ્તારોમાં જ્યાં પણ નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, ત્યાં આ અધ્યયન નિરંતર જરૂરી છે. બરફ પર નિયંત્રણ માટે ક્ષમતા જોઈએ. હંમેશાં બરફ જ બરફથી બચાવમાં સહાયક બને છે. ધ્યાન રહે, કેનેડા અને સ્વિટ્ઝરલેન્ડના ઊંચા પહાડોમાં વિશેષ સૈન્ય ટુકડીઓ તૈનાત હોય છે, જે હિમસ્ખલનો પર નિયંત્રણ કરે છે. કેટલાય સ્વિસ પહાડી ગામો બરફના ઢગલાને સ્થિર કરવા માટે મોટી, મજબૂત સંરચનાઓ બનાવીને પોતાના ઘરોને હિમસ્ખલનથી બચાવે છે. ભારતમાં પણ આવી સૈન્ય ટુકડીઓની સંખ્યા અને આધુનિક વ્યવસ્થા વધારવાની જરૂર છે.

# કુંભ મેળા વિશે લખેલો સ્ટીવ જોબ્સનો લેટર ૪.૩૨ કરોડ રૂપિયામાં વેચાયો

નવી દિલ્હી, તા.૪

માર્ક ઝકરબર્ગની હૂડી અને સ્ટીવ જોબ્સની બો ટાઈને અધધ કહેવાતી કિંમતે વેચવામાં આવી છે. જોકે સ્ટીવ જોબ્સ દ્વારા કુંભ મેળા વિશે લખવામાં આવેલો લેટર પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. ફેસબુકના કો-ફાઉન્ડર માર્ક ઝકરબર્ગ દ્વારા ૨૦૧૦માં ઘણી વાર જે બ્લેક હૂડી પહેરવામાં આવી હતી, એ અત્યારે અંદાજે ૧૫૮૭૫ અમેરિકન ડૉલર એટલે કે ૧૪ લાખ રૂપિયાની આસપાસ વેચવામાં આવી છે. લોસ એન્જલસમાં અત્યારે જ એક હરાજી રાખવામાં આવી હતી, જેમાં જાણીતી સેલિબ્રિટીઝના કપડાંની હરાજી કરવામાં આવી હતી.ટાઈમ મેગેઝિન દ્વારા માર્ક ઝકરબર્ગને પર્સન ઑફ ધ યરનું બિરુદ આપવામાં આવ્યું હતું, ત્યારે તેણે જે હૂડી પહેરી હતી, એની અંદાજિત એક હજાર અમેરિકન ડૉલર એટલે કે ૮૭૦૦૦ રૂપિયાની આશા રાખવામાં આવી રહી હતી. જોકે



હરાજી જેવી શરુ થઈ કે લોકો એ આ માટે એક પછી એક બોલી લગાવવાની શરુ કરી હતી. આ કિંમત અંતે ૧૫૮૭૫ અમેરિકન ડૉલર એટલે કે ૧૪ લાખ રૂપિયા પર જઈને અટકી હતી.આ હરાજીમાં જેણે આ હૂડી ખરીદી છે, તેના માટે માર્ક ઝકરબર્ગ દ્વારા એક નોટ લખીને મોકલવામાં આવી હતી. આ હૂડી ખરીદનારને એની આશા નહોતી, પરંતુ માર્ક દ્વારા તેના માટે આ સ્પેશ્યલ નોટ મોકલવામાં આવી છે. આ નોટમાં લખ્યું છે કે ‘આ મારી ઓલ્ડ-સ્કૂલ ફેસબુક હૂડી છે. શરુઆતના દિવસોમાં હું આ હૂડી ઘણી વાર પહેરતો હતો. અમારું ઓરિજિનલ મિશન જે હતું, એનો સ્ટેટમેન્ટ લોગો આ હૂડીની અંદરની લાઈનિંગ પર લખવામાં આવેલો છે.

# અમેરિકામાં મૂળ ભારતીય નર્સ પર જીવલેણ હુમલો, ચહેરા પર ફ્રેકચર

અમેરિકા,તા.૪

અમેરિકાની એક હોસ્પિટલમાં ભારતીય મૂળની ૬૭ વર્ષીય લીલામ્મા લાલ નામની નર્સ પર નફરતના ગુનામાં હુમલો કરવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, ૩૩ વર્ષીય આરોપી સ્ટીફન સ્કેન્ટલબરીએ નર્સ લીલામ્મા લાલ પર હુમલો કર્યો અને તેના ભારતીય હોવા બાબતે ટિપ્પણી પણ કરી હતી. હુમલાને કારણે નર્સને ચહેરા પર ગંભીર ઈજાઓ થઈ હતી.

આ ઘટનાથી આરોગ્ય સંભાળ કમર્ચારીઓમાં રોષ ફેલાયો છે. તેમણે દદીર્ઓ તરફથી વારંવાર થતા દુર્વ્યવહાર અને અનાદર પ્રત્યે નિરાશા વ્યક્ત કરી હતી. ઘણા લોકોએ એ વાતનો વિરોધ કર્યો હતો કે દદીર્ઓ ઘણીવાર અસંસ્કારી વર્તન કરે છે અને આરોગ્ય સંભાળ વ્યાવસાયિકો સાથે દુર્વ્યવહાર કરે છે.હુમલાના કલાકો પછી, આરોપીની ધરપકડ કરવામાં આવી હતી અને તે શર્ટલેસ અને જૂતા વગરનો મળી આવ્યો હતો. સ્કેન્ટલબરી પર બીજા ડિગ્રી હત્યાના પ્રયાસનો આરોપ મૂકવામાં આવ્યો છે, તેમજ નફરતના ગુનામાં વધારો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આરોગ્યસંભાળ કાર્યકરોનું પ્રતિનિધિત્વ કરતા, એડવોકેટ ચેરીલ થોમસ-હાર્કમે રિપોટર્માં જણાવ્યું હતું કે, ’તબીબી વ્યાવસાયિકો સામે હિંસા ખૂબ સામાન્ય છે. આ પ્રકારની ઘટનાઓ બંધ થવી જ જોઈએ...ઘણા લોકો હોસ્પિટલોમાં પ્રવેશ કરે છે અને આરોગ્યસંભાળ કાર્યકરો સાથે દુર્વ્યવહાર કરવાની બાબતને પોતાનો અધિકાર સમજે છે. તમે પોલીસ સ્ટેશનમાં જાઓ છો ત્યારે તમે કાયદાના અમલીકરણને જે સ્તર આપો છો તેટલું જ સન્માન તમારે એમને આપવું પડશે.’

# ટેરિફ યુદ્ધ શરૂ: કેનેડા બાદ ચીને પણ અમેરિકા પર કર્યો વળતો પ્રહાર

અમેરિકા,તા.૪

અમેરિકાએ ચીન પર ૨૦ ટકા ટેરિફ લાદ્યા બાદ ચીને પણ જવાબી કાયર્વાહીના ભાગરૂપે અમેરિકાની પ્રોડક્ટ્સ પર ૧૦થી ૧૫ ટકા સુધી ટેરિફ લાદવાની જાહેરાત કરી છે.

આ ટેરિફ ૧૦ માચર્થી લાગુ થશે. ચીને વર્લ્ડ ટ્રેડ ઓગેર્નાઈઝેશન સમક્ષ ટ્રમ્પની ટેરિફ નીતિ વિરૂદ્ધ ફરિયાદ પણ નોંધાવી છે. ચીનના નાણા મંત્રાલયે આ અંગે માહિતી આપી હતી.ચીનના નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે, ’આ ટેરિફ અમેરિકામાંથી આયાત થતાં ઘઉં, મકાઈ, કપાસ સહિત ટોચની અમેરિકન પ્રોડક્ટ્સ પર લાગુ થશે. આ નિર્ણયથી વિશ્વની બે ટોચની અર્થવ્યવસ્થા વચ્ચે ટ્રેડવોર શરૂ થયુ છે. ચીનનો આ નિર્ણય અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ચીન પર ૨૦ ટકા ટેરિફ લાદવાના આદેશ બાદ લેવાયો છે. અમેરિકામાંથી આયાત થતાં ઘઉં, મકાઈ અને કપાસની આયાત પર ૧૫ ટકા, જ્યારે જુવાર, સોયાબિન, ફળો, શાકભાજી અને ડેરી સહિતની પ્રોડક્ટ્સ પર ૧૦ ટકા ટેરિફ લાદવામાં આવશે.’

અમેરિકાએ આજથી કેનેડા, મેક્સિકો તથા ચીનમાંથી આયાત પર ટેરિફ લાગુ કરતાં જ આ દેશોએ પણ સામે ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. કેનેડાએ પણ અમેરિકાની ૧૨૫ અબજ ડોલરની પ્રોડક્ટ્સ પર ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. મેક્સિકો પણ ઠોસ પગલાં લેતાં ટેરિફ લાદશે. ટ્રમ્પના ટેરિફ વોરથી વિશ્વભરમાં ટ્રેડવોર છેડાયું છે.

અમેરિકાએ ચીનની પ્રોડક્ટ્સ પર ટેરિફ વધારી બમણો કર્યો છે.

ટ્રમ્પ માને છે કે, ટેરિફ દેશની સમસ્યાઓને ઉકેલી શકે છે. પરંતુ તેનાથી વિશ્વભરમાં ફુગાવાની સ્થિતિ સજાર્વાની ભીતિ અથર્શાસ્ત્રીઓ વ્યક્ત કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે, ટ્રમ્પ બીજી માચર્થી રેસિપ્રોકલ ટેરિફ પણ લાગુ કરશે. ટ્રમ્પે કહ્યું કે, ટેરિફ એ એક શક્તિશાળી હથિયાર છે, જેનો રાજનેતાઓએ ઉપયોગ કર્યો નથી. કારણકે, તેઓ મૂર્ખ હતાં, અપ્રમાણિક હતાં. તેઓ પોતે પૈસા કમાવા નેતા બન્યા હતાં.

# ગુજરાતમાં વધુ એક નકલી અધિકારી અંગે ઘટસ્ફોટ

આણંદ,તા.૪

રાજ્યમાં અવાર-નવાર નકલી પોલીસ, નકલી ડૉક્ટર અને નકલી અધિકારીઓ પકડાતા હોય છે. ત્યારે હવે વધુ એક નકલી DySP અંગે ઘટસ્ફોટ થયો છે. આણંદ જિલ્લાના સોજીત્રાની નિશા વ્હોરા નામની યુવતી પોતે DySP હોવાનો અને અમદાવાદ સાયબર ક્રાઈમમાં કાર્યરત હોવાનો દાવો કર્યો છે. જે મુદ્દે રાજ્યના એક વિદ્યાર્થી નેતાએ આક્ષેપ લગાવ્યો છે કે નિશા વ્હોરાના તમામ દાવા ખોટા છે. તેમણે GPSCની પરીક્ષા પાસ નથી કરી કે નથી તે કોઈ અધિકારી.

ગુજરાતના વિદ્યાર્થી નેતા યુવરાજ સિંહે સોશિયલ મીડિયામાં પુરાવા સાથે દાવો કર્યો છે, છેલ્લા પાંચ વર્ષમાં નિશા વ્હોરા નામની કોઈ યુવતીઅ GPSC પાસ કરી નથી, તેમણે પાંચ વર્ષના પરિણામોની પણ તપાસ કરી છે. આ સાથે આવી કોઈ યુવતીની છેલ્લા પાંચ વર્ષમાં DySP તરીકે કોઈ નિમણૂક પણ નથી થઈ. આ મુદ્દે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચથી લઈને નિશા વ્હોરાના વતન એવા આણંદ જિલ્લાના સોજીત્રા શહેર સુધી તપાસ કરી છે.

નકલી DySP નિશા વ્હોરાએ સોજીત્રાના ધારાસભ્ય વિપુલ પટેલ સહિત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેના પણ ફોટા પડાવ્યા હતા અને બહુમાન મેળવ્યું હોવાના ફોટા પણ મળી આવ્યા છે. આ ઉપરાંત તેલંગાણા રાજ ભવન, સરદાર પટેલ યુનિવર્સિટી, મુખ્યમંત્રી વિજય રૂપાણીનો સંદેશ જેવા પ્રશસ્તિ પત્રો મેળવી અને સમાજના કાર્યક્રમોમાં ભરપૂર વાહવાહી પણ લૂંટી છે. મુસ્લિમ સમાજ સહિતના અનેક સામાજીક સંગઠનોમા વિવિધ કાર્યક્રમોમાં તેનું GPSC પાસ કરી DySP બની હોવા અંગે સન્માન પણ થઈ ચૂક્યું છે.

નિશા વ્હોરાની કથિત સફળતા અંગે વિવિધ સમાચાર માધ્યમોમાં ફોટા સાથે અહેવાલો પ્રકાશિત થયા હતા. જેમાં નિશાની સંઘર્ષની કહાની રજૂ કરાઈ હતી. સરદાર પટેલ યુનિવર્સિટીએ પણ નિશા વ્હોરાને DySP તરીકે ગાંધીનગર ખાતે નિમણૂંક થવા બદલ અભિનંદન આપ્યા હતા. આ ઉપરાંત એક કિસ્સામાં નિશાના પિતાએ તેમની દીકરી DySP તરીકે Cyber Crime Cell અમદાવાદ ખાતે ફરજ બજાવે છે તેવું પણ જણાવ્યું હતું. એક અહેવાલમાં નિશા વ્હોરા GPSC કલાસ ૩ માં પાસ થવાના સમાચાર હતા. જેમાં નિશા પોતે IPS બની દેશ સેવા કરવા UPSCની તૈયારી કરતી હોવાનું જણાવાયું છે. દાવો કરાયો છે કે સોજીત્રાની નિશાબેન સલીમભાઈ વ્હોરાએ જામિયા હાઈસ્કુલમાંથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકનું શિક્ષણ લીધા બાદ વલ્લભવિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સીટીમાંથી કોમસર્માં સ્નાતક કર્યું, જ્યાર બાદ GPSCની પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી હતી. અને કોઈ પણ કલાસીસ કર્યા વિના તેણે આપબળે સફળતા મેળવી હતી. આ માટે કેટલાક અધિકારીઓએ તેને માર્ગદર્શન આપ્યું હતું તેવો દાવો પણ કરાઈ રહ્યો છે. અને GPSCની વર્ગ-૩ની પરીક્ષામાં સમગ્ર રાજયમાં પ્રથમ સ્થાન મેળવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી હતી તેવો દાવો કરાયો હતો.

**સ્મોક ગ્રેનેડ ફેંક્યાં, મારામારીમાં બે સાંસદ ઘાયલ**

# યુરોપિયન દેશ સર્બિયાની સંસદમાં વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો

સર્બિયા,તા.૪

યુરોપિયન દેશ સર્બિયાની સંસદમાં વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો. વિપક્ષનો આ હોબાળાએ આક્રમક સ્વરૂપ ધારણ કર્યું હતું. વિપક્ષના સાંસદોએ સરકારની નીતિઓનો વિરોધ કરતાં એક પછી એક અનેક સ્મોક ગ્રેનેડ અને ટિઅર ગેસના સેલ ફેંક્યા હતાં. જેનાથી સંસદમાં અફરાતફરીનો માહોલ સજાર્યો હતો. સાંસદોએ મારામારી પણ કરી હતી.



સર્બિયા સંસદના લાઈવ સેશનમાં જોવા મળ્યું હતું કે, સર્બિયાના વિપક્ષ સાંસદોએ સરકારની નીતિઓનો ભારે વિરોધ કર્યો હતો. આ વિરોધ આક્રમક બનતાં તેઓએ સંસદની અંદર જ સ્મોક ગ્રેનેડ અને ટીઅર ગેસના સેલ છોડ્યા હતાં. ત્યારબાદ આખા સંસદમાં કાળો અને ગુલાબી ધુમાડો ફેલાયો હતો. વિપક્ષના સાંસદોએ સરકારથી નારાજ વિદ્યાથીર્ઓનું સમર્થન કરતાં મારામારી પણ કરી હતી.

વિપક્ષના સાંસદોએ ચાર મહિના પહેલા સર્બિયાના રેલવે સ્ટેશનની છત પડવાથી ૧૫ લોકોના મોત પર હોબાળો કર્યો હતો. તેઓ છેલ્લા ચાર મહિનાથી આ ઘટના મુદ્દે સરકારનો વિરોધ કરી રહ્યા છે. વિધાનસભાના સેશન દરમિયાન સર્બિયન પ્રોગ્રેસિવ પાટીર્ના નેતૃત્વ હેઠળની ગઠબંધન સરકારે સેશનમાં યુનિવર્સિટીના ફંડિંગ માટે એક એજન્ડાને મંજૂરી આપી હતી. જેમાં અમુક નિયમોનો વિપક્ષના સાંસદોએ વિરોધ નોંધાવ્યો હતો. તેઓ પોતાની બેઠક પરથી ઉભા થઈ સ્પીકર તરફ દોડ્યા હતાં. તે દરમિયાન સુરક્ષા ગાર્ડ્સ સાથે મારામારી અને ઝપાઝપી પણ કરી હતી. વિપક્ષના અમુક સાંસદોએ સ્મોક ગ્રેનેડ અને ટીઅર ગેસના ગોળા પણ ફેંક્યા હતાં.

સ્પીકર એના બ્રનાબિકે જણાવ્યું કે, આ ઘટના દરમિયાન બે સાંસદ ઘાયલ થયા છે. જેમાં એક સત્તાધીશ પક્ષના જેસ્મિના ઓબ્રાડોવિક છે. તેમને સ્ટ્રોક આવ્યો હતો, અને તેમની સ્થિતિ ગંભીર છે.

સર્બિયન સંસદ દેશની યુનિવર્સિટી માટે ફંડ વધારતો કાયદો પસાર કરવાની હતી. પરંતુ તેને મંજૂરી ન મળતાં વિદ્યાર્થી સંગઠનોએ ડિસેમ્બરથી સરકાર પાસે આ કાયદો પસાર કરવાની માગ સાથે વિરોધ નોંધાવ્યો હતો. તેમાં દેશના વડાપ્રધાન મિલોસ વુસેવિકનું રાજીનામું પણ માગ્યું છે. પરંતુ સરકારે સેશનમાં એજન્ડામાં અનેક એવા નિયમો રજૂ કરતાં વિપક્ષ ભડકી ઉઠ્યું હતું.

**ટ્રમ્પ સાથે પંગો ઝેલેન્સ્કીને ભારે પડ્યો**

# અમેરિકાએ યુક્રેનને મળતી તમામ સૈન્ય મદદ પર રોક લગાવી

વૉશિંગ્ટન, તા.૪

વ્હાઈટ હાઉસમાં યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી અને ટ્રમ્પ વચ્ચે વિખવાદ બાદ અમેરિકા એક્શન મોડમાં આવ્યું છે. ટ્રમ્પે યુક્રેનને અપાતી તમામ સૈન્ય મદદ પર તાત્કાલિક રોક લગાવી છે. વ્હાઈટ હાઉસના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે ટ્રમ્પને ખાતરી થાય કે ઝેલેન્સ્કી પણ શાંતિના પક્ષમાં છે પછી જ યુક્રેનને કોઈ મદદ કરવામાં આવશે. ટ્રમ્પના આ નિર્ણયથી એક અબજ ડોલરના હથિયાર સંબંધિત મદદ પર સીધી અસર થશે. બીજી તરફ ઝેલેન્સ્કી યુક્રેનને સુરક્ષાની ગેરંટી માંગી રહ્યા છે. ઝેલેન્સ્કી અગાઉ પણ કહી ચૂક્યા છે કે તેમને નથી લાગતું કે યુદ્ધ વહેલા સમાપ્ત થશે, જે બાદ ટ્રમ્પે તેમની ટીકા કરી હતી. હવે ટ્રમ્પના મોટા નિર્ણય બાદ યુક્રેનને ઝટકો લાગ્યો છે. હવે ઝેલેન્સ્કીની નજર યુરોપ પર રહેશે. રશિયા સામેના યુદ્ધમાં યુરોપના મોટા ભાગના દેશો દ્વારા યુક્રેનને મદદનું આશ્વાસન આપવામાં આવ્યું હતું. હાલમાં જ લંડનમાં યુરોપના દેશોની ઈમરજન્સી બેઠકમાં પણ તમામ દેશો યુક્રેનની મદદ માટે સહમત થયા હતા. નોંધનીય છે કે થોડા દિવસ અગાઉ યુક્રેનના રાષ્ટ્રપતિ અમેરિકાના પ્રવાસ પર પહોંચ્યા હતા. જોકે વ્હાઈટ હાઉસમાં મીડિયાની સામે જ ઝેલેન્સ્કી અને ટ્રમ્પ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ ગઈ હતી. જે બાદ ઝેલેન્સ્કી બ્રિટન પહોંચ્યા, જ્યાં યુરોપિયન દેશોએ યુક્રેનને ટેકો જાહેર કર્યો હતો. યુરોપના અનેક દેશોના વડા સાથે યુક્રેનના રાષ્ટ્રપતિએ બેઠક કરી હતી. યુરોપિયન દેશો દ્વારા યુદ્ધ રોકવા માટે એક ‘પીસ પ્લાન’ પણ બનાવવામાં આવ્યો છે, જે ટ્રમ્પ સમક્ષ રજૂ કરવામાં આવશે.

**જીરા સોડા પીવાથી થયેલા મોત મામલે ખુલાસો**

# આપઘાતના ચક્કરમાં શિક્ષકે ત્રણ નિર્દોષને મારી નાખ્યા

ખેડા,તા.૪

ખેડા જિલ્લામાં જીરા સોડા પીવાને કારણે ૩ લોકોના શંકાસ્પદ મોત નિપજ્યા હતા. જેને લઈને પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. જોકે હવે આ મામલે ચોંકાવનારા ખુલાસાઓ સામે આવ્યા છે. જેમા ૩ લોકોના મોત કેવી રીતે થયા તેનો ખુલાસો થઈ ગયો છે. ગત ૯ ફેબ્રુઆરીના રોજ ૩ લોકોના જીરા સોડા પીવાને કારણે મોત થયા હતા.આ મામલે પોલીસ પણ વિચારમાં મુકાઈ ગઈ હતી કે જીરું સોડા પિવાથી કોઈના મોત કેવી રીતે થાય.

પોલીસે આ મામલે બોટલોના સેમ્પલ લીધા અને એફએસએલમા મોકલ્યા હતા.

સમગ્ર મામલે એવી માહિતી સામે આવી છે કે જે સોડા મૃતકોએ પીધી હતી તે જીરાસોડામાં સોડિયમ નાઈટ્રાઈટ પોઈઝન હતું. સમગ્ર મામલે પોલીસ દ્વારા જે તે સમયે હત્યાનો ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરવામાં આવી હતી. આ મામલે પોલીસ છેલ્લા કેટલાય દિવસોથી તપાસ કરી રહી હતી. જેમા પોલીસ દ્વારા આ મામલે અલગ અલગ ટીમો બનાવીને તપાસ કરવામાં આવી રહી હતી. જેમા આરોપી ઝડપાઈ ગયો છે અને તેની પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસાઓ થયા છે.

પોલીસે આપેલ માહિતી મુજબ મરણ થનાર કનુંભાઈ ચૌહાણના પાડોશમાં રહેતા સરકારી શિક્ષકે આ હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. હત્યા કરનાર પાડોશી આર્થિક અને માનસિક રીતે કંટાળી ગયો હતો.જેથી અખતરો કરવા માટે તેમણે સોડિયમ નાઈટ્રાઈટમાં જીરા સોડા ભેળવીને આપી હોવાની માહિતી સામે આવી છે. આરોપી છેલ્લા ૨૦ વષથી શિક્ષક તરીકે ફરજ બજાવે છે.

આરોપીએ ઓનલાઈન સોડિયમ નાઈટ્રેટ મંગાવ્યું હતું અને આપઘાત કરવો હતો જેથી ઈન્શ્યોરન્સ કંપની દ્વારા તકેના પરિવારને રૂપિયા મળે. તેને સુસાઈડ કરવી હતી તેવું તેણે તેની પત્નીને પણ કહ્યું હતું. જોકે પત્નીએ તેને સમજાવ્યો હતો. પત્નીએ સોડિયમ નાઈટ્રેટ ફેકી દીધું પરંતુ આરોપીએ થોડુંક કાઢીને રાખ્યું અને પાડોશમાં રહેતા કનુભાઈ પર તે સોડિયમ નાઈટ્રેટ પિવડાવાનો અખતરો કર્યો.

કનુભાઈ આરોપીની પાડોશમાં રહેતા હતા અને તેઓ બોલી શકતા ન હતા સાથેજ સાંભળી પણ નહોતા શકતા. જેથી આરોપીને થયું કે જો હું આમને સોડિયમ નાઈટ્રેટ પિવડાવીશ તો કોઈને તેઓ કહી પણ નહી શકે. જોકે કનુભાઈએ તેમની સાથે અન્ય બે લોકોને પણ તે સોડિયમ નાઈટ્રેટ વાળી જીરાસોડા પિવડાવી હતી. જેથી કનુંભાઈ સહિત તે બંન્ને લોકોના પણ આ મોત થયા હતા. લોકોને તે સમયે એવું જ હતું કે જીરાસોડા પિવાથી આ લોકોના મોત થયા પરંતું તે સમયે કોઈને સપને પણ ખ્યાલ ન હતો કે આરોપીએ આટલું મોટું શડયંત્ર રચ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આરોપી અગાઉ સામે અગાઉ પાટણમાં પણ ગુનો નોંધાયેલો હોવાનું સામે આવ્યું છે. અગાઉ સરખેજમાં જે ભુવા વાળો કેસ બન્યો હતો તેને લઈને શિક્ષકે આ સોડિયમ નાઈટ્રેટનો ઉપયોગ કર્યો હતો. જેથી તે પોતે આ રીતે સુસાઈડ કરે તો વિમા કંપની દ્વારા કોઈ પણ પ્રકારનું ઓબ્જેકશન ઉઠાવી ન શકે અને તેના પરિવારને વિમા કંપની દ્વારા સારી એવી રકમ મળે તેને લઈને તેણે સોડિયમ નાઈટ્રેટ મંગાવ્યું જેનો અખતરો તેણે પહેલા પાડોશી પર કર્યો હતો. આ બનાવને લઈને હાલ જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે. સાથેજ લોકો પણ નવાઈ પામી ગયા છે

## સુડોકુ નં. ૧૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 4 | | 3 | | 7 | | |
| | 5 | 7 | 9 | 8 | 2 | 4 | 1 | |
| | 3 | | | | | | 2 | |
| | | 9 | 1 | | 8 | 3 | | |
| | | | | | | | | |
| | | 2 | 4 | | 3 | 6 | | |
| | 2 | | | | | | 9 | |
| | 1 | 3 | 8 | 4 | 6 | 5 | 7 | |
| | | 8 | | 7 | | 1 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧)દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨)દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩)પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪)શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૮૩નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 5 | 2 | 3 | 1 | 7 | 6 | 4 | 9 |
| 6 | 9 | 1 | 5 | 2 | 4 | 8 | 7 | 3 |
| 4 | 7 | 3 | 8 | 6 | 9 | 1 | 2 | 5 |
| 2 | 3 | 9 | 4 | 5 | 6 | 7 | 1 | 8 |
| 7 | 1 | 4 | 9 | 3 | 8 | 5 | 6 | 2 |
| 5 | 8 | 6 | 2 | 7 | 1 | 3 | 9 | 4 |
| 3 | 2 | 7 | 1 | 9 | 5 | 4 | 8 | 6 |
| 9 | 6 | 8 | 7 | 4 | 3 | 2 | 5 | 1 |
| 1 | 4 | 5 | 6 | 8 | 2 | 9 | 3 | 7 |

## આપની આજ...

મેષઃ આજે તમારા માટે શુભ દિવસ છે અને આજે તમારા અટકેલા પૈસા ફરી મળી શકે છે. પ્રતિષ્ઠા અને સંપત્તિ પ્રાપ્ત થવાના સંકેતો છે અને નસીબ પણ તમને ટેકો આપે છે.

વૃષભઃ આજનો દિવસ શુભ દિવસ છે અને ભાગ્યની મદદથી તમને તે બધું મળશે જેનો તમે વિચાર કરી રહ્યા હતા. કાર્યસ્થળમાં સ્થળાંતર થવાની સંભાવનાઓ છે જે ભવિષ્યમાં તમારા માટે ભાગ્યશાળી સાબિત થશે.

મિથુનઃ આજનો દિવસ ખૂબ વ્યસ્ત છે અને તમે આજે કોઈ કામમાં ફસાઈ જશો. આજે કેટલીક વિશેષ વ્યવસ્થા કરવામાં ખર્ચ કરવામાં આવશે. આજે દુનિયાને જોવાનો તમારો દ્રષ્ટિકોણ બદલાઈ શકે છે.

કર્કઃ આજે તમારી રાશિના ગ્રહોના વિશેષ યોગ તમને દરેક કાયર્માં સફળતા પ્રાપ્ત કરશે. આજે તમારી પ્રતિષ્ઠા વધશે અને તમારી લોકપ્રિયતા પણ વધશે.

સિંહઃ આજનો દિવસ તમારા માટે વ્યસ્ત બની શકે છે. નોકરી હોય કે ધંધો આજે તમારે બંને માટે દોડવું પડી શકે છે. આજે બપોર સુધીમાં જો તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને યોગ્ય રીતે પૂરા કરો તે યોગ્ય રહેશે

કન્યાઃ આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને આજે તમને ક્યાંકથી મોટી રકમની અપેક્ષા છે. અચાનક મોટી રકમની આવકને કારણે ભંડોળમાં વધારો થશે.

તુલાઃ આજનો દિવસ તમારા માટે ખૂબ વ્યસ્ત રહેશે. આજે ભાગદોડ રહેશે. તમારે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડશે, તમારું સ્વાસ્થ્ય પણ નરમ રહેશે. સાંજે મહેમાનો થોડા સમય માટે આવી શકે છે.

વૃશ્ચિકઃ આજે તમને સફળતા મળશે. આજે તમારી ઈચ્છા પૂર્ણ થશે અને તમને સફળતા મળશે. શુભ કાર્યો સ્થાનિક સ્તરે પણ ગોઠવી શકાય છે. ધાર્મિક કાયર્માં રુચિ વધશે અને નજીકની મુસાફરી શક્ય છે.

ધનઃ આજે તમારો દિવસ કેટલાક મામલે પ્રતિકૂળ હોઈ શકે છે. આજે તમને ક્યાંકથી સારો નફો મળી શકે છે પરંતુ તમારા ખર્ચ પણ ક્યાંક વધી શકે છે. સંતાન તરફથી આનંદદાયક સમાચાર મળશે અને ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે.

મકરઃ આજનો દિવસ તમારા માટે આનંદદાયક અને શુભ છે અને તમારી ખુશીમાં વધારો થશે. આજે તમે તમારા માટે સમય આપશો અને તમને ગમતી વસ્તુઓ કરવા માટે સમર્થ હશો. નજીકના મિત્રની સલાહ અને સહકારથી તમે તમારું ખરાબ કામ યોગ્ય રીતે કરી શકશો અને તેમનાથી લાભ મેળવી શકશો.

કુંભઃ આજે તમારો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે અને તમે જૂના બગડેલા કામને સુધારવાનો પ્રયત્ન કરશો. કોઈ નિષ્ણાતની સલાહ ભવિષ્યમાં તમારા માટે ઉપયોગી સાબિત થશે અને આજે તમને તમારા કેટલાંક વિચારેલા કામ કરવામાં આનંદ થશે.

મીનઃ આજે તમારો દિવસ દાનમાં વિતાવશો. તમારે સંવેદનશીલતાથી તમારી જાતની સંભાળ લેવી પડશે. તમે આજે જે લોકોની મદદ કરી રહ્યા છો, ભવિષ્યમાં ક્યાંક આ લોકો કામમાં આવશે. નોકરી કે કાયર્ક્ષેત્રમાં મૌન રહેવું આજે લાભકારક રહેશે. દલીલો અને તકરાર ટાળો

OWNER, EDITOR, PRINTER & PUBLISHER: VIKRAM HASMUKHRAI RAVAL, PLACE OF PRITING PRESS: RASHTRIYA PRINTER,14/B, BHAKTINAGAR IND. ESTATE, DIST- RAJKOT, GUJART, PLACE OF PUBLICATION: SHRI NUTAN SAURASHTRA, MAHENDRA IND. ESTATE, NEAR MAHARANI LAXMIBAI KANYA VIDHYALAYA, TAGORE ROAD, DIST-RAJKOT, GUJARAT

# રાજકોટમાં તરખાટ મચાવનાર સમડી બેલડી ઝડપાઈ, આઠ ચિલઝડપનો ભેદ ઉકેલાયો

## સોનાના દાગીના, વાહન, મોબાઈલ સહીત કુલ રૂ. ૪.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી ક્રાઈમ બ્રાન્ચ

રાજકોટ તા.૪:

શહેરમાં છેલ્લા એક માસથી ચીલઝડપના બનાવો છાસવારે સામે આવી રહ્યા હતા ત્યારે શહેરમાં બનેલી કુલ આઠ ચિલઝડપની ઘટનાને અંજામ આપનાર સમડી સુનિલ ઉર્ફે આર્યા અને જીતેશ ઉર્ફે જીનીને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લઇ સોનાના દાગીના, વાહન, મોબાઈલ ફોન સહીત કુલ રૂ. ૪.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર શહેરમાં છેલ્લા એક માસના સમયગાળાના ચીલઝડપની પાંચથી વધુ ઘટનાઓ અલગ અલગ પોલીસના ચોપડે નોંધાઈ હતી. જે પૈકી બે ચીલઝડપ તાલુકા પોલીસ મથક વિસ્તારમાં જ્યારે ત્રણ યુનિવર્સીટી પોલીસ મથક વિસ્તારમાં નોંધાઈ હતી.

ક્રાઇમ બ્રાન્ચે સુનિલ ઉર્ફે આર્યા ભાવેશભાઈ શિયાળ(ઉ.વ.૨૧ રહે લોહાનગર રામાપીરના મંદિર પાસે, ગોંડલ રોડ, રાજકોટ) અને જીતેશ ઉર્ફે જીની નરેશભાઈ દુધરેજીયા(ઉ.વ.૧૯ રહે લોહાનગર, ગોંડલ રોડ, રાજકોટ)ની ધરપકડ કરી એક સોનાની માળા, ત્રણ સોનાના ચેઇન, એક સોનાના ચેઇનની ટુકડો, એક હીરો સ્પલેન્ડર પ્લસ વાહન અને મોબાઈલ મળી કુલ રૂ. ૪,૫૨,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. આરોપીઓએ છેલ્લા એક માસમાં કુલ આઠ ચિલઝડપ કર્યાની પ્રાથમિક કબૂલાત આપી છે. જે પૈકી તાલુકા પોલીસ મથક હેઠળના વિસ્તાર સ્પીડવેલ ચોક નજીક નિવૃત શિક્ષિકાના ગળામાંથી સોનાનો હાર જયારે વૃદ્ધાના ગળામાંથી સોનાનો ચેઇન ઉઠાવી ગયાં હતા. જયારે યુનિવર્સીટી પોલીસ મથક હેઠળના વિસ્તારમાં યુવતીના ગળામાંથી ચેઇન, વૃદ્ધાના ગળામાંથી ગોપાલ ચોક નજીકથી સોનાનો ચેઇન ઝુંટવી ગયાની કબૂલાત આપી હતી. ઉપરાંત બેલડીએ એ ડિવિઝન પોલીસ તાબાના રામકૃષ્ણનગર નજીક એક્ટિવા ચાલક મહિલાના ગળામાંથી સોનાનો ચેઇન, ગાંધીગ્રામ પોલીસ તાબાના હનુમાનમઢી ચોક નજીકથી ૨૦ દિવસ પીર્વે વૃદ્ધાના ગળામાંથી સોનાનો ચેઇન જયારે આમ્રપાલી અંડરબ્રિજ નજીકથી વૃદ્ધાના ગળામાંથી સોનાના ચેઇનની ચિલઝડપ કરી લીધાની કબૂલાત આપી છે. આઠ બનાવ પૈકી પાંચમા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. સુનિલ ઉર્ફે આર્યા વિરુદ્ધ હત્યાની કોશિશ, ચોરી, લૂંટ હિતના ગુના રાજકોટ અને જામનગરમાં નોંધાઈ ચુક્યા છે જયારે આર્યા અગાઉ પાસા પણ કાપી ચુક્યો છે. અન્ય આરોપી જીની વિરુદ્ધ વર્ષ ૨૦૨૩માં ભક્તિનગર પોલીસમાં ઘરફોડ ચોરીનો ગુનો નોંધાઈ ચુક્યો છે.

**સમડી ગેંગ સામે સંગઠિત અપરાધની કલમનો ઉમેરો કરવા તજવીજ**

સમડી ગેંગના બે સભ્યોની ધરપકડ કરવામાં આવી છે. આ બંને શખ્સોં સાથે મળીને જ ચીલઝડપને અંજામ આપતાં હતા પરંતુ ચીલઝડપ મારફત મેળવેલ મુદ્દામાલ સગેવગે કરવામાં હજુ અમુક શખ્સોની ભૂમિકા ખુલવા પામી હોય હવે પોલીસે બીએનએસ એક્ટની કલમ ૧૧૧ એટલે કે સંગઠિત અપરાધની કલમનો ઉમેરી કરવા તજવીજ હાથ ધરી છે.

# મોરબીની સરકારી કચેરીઓમાં અધિકારીઓની આકસ્મિક મુલાકાત, ૨૭ ગેરહાજર પકડાયા

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૪:

મોરબી જીલ્લાની વિવિધ સરકારી કચેરીઓમાં અધિકારીઓની ચાર ટીમોએ આજે ચેકિંગ હાથ ધર્યું હતું જેમાં ૨૭ અધિકારીઓ અને કર્મચારીઓ ગેરહાજર મળી આવતા નિયમોનુસાર કાર્યવાહી કરવા વડી કચેરીને સુચના આપવામાં આવી છે

મોરબી જિલ્લામાં આવેલી વિવિધ વિભાગોની જિલ્લા કક્ષાની કચેરીઓમાં કર્મચારીઓ તથા અધિકારીઓ સમયસર આવે છે કે નહી તેની ચકાસણી કરવા બાબતે નાયબ કલેક્ટર તથા પ્રાંત અધિકારી હળવદ અને પ્રાંત અધિકારી મોરબીની અધ્યક્ષતામાં કુલ-૦૪ ટીમો બનાવીને આજે સવારે ૧૦.૩૦ એ તપાસણી કરતા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા બાળ સુરક્ષા એકમ, જિલ્લા સમાજ સુરક્ષાની કચેરી, મહિલા અને બાળ અધિકારીની કચેરી, મોરબી, સીટી સર્વે કચેરી, ઔદ્યોગીક સલામતીની કચેરી, ના.કા.ઇ. સૌ.શાખા નહેરની કચેરીઓ, જળસિંચન પેટા વિભાગ મોરબીની કચેરી, કાર્યપાલક ઇજનેર, સિંચાઇની કચેરી, સ્ટેમ્પ ડ્યુટી કચેરી, આર.એફ.ઓ. કચેરી, ક્ષાર અંકુશ વિભાગ, મોરબી, મદદનિશ શ્રમ આયુકતની કચેરીમાં અધિકારી/કર્મચારીઓની હાજરી બાબતે ચકાસણી કરતા

જે અન્વયે કચેરી સમય દરમિયાન વિવિધ કચેરીઓમાં તપાસણી સમયે કુલ ૨૭ અધિકારી/કર્મચારીઓ ગેરહાજર હતા. આ તપાસણી દરમિયાન જે અધિકારી/કર્મચારીઓ કચેરી સમય દરમિયાન કચેરીમાં ગેરહાજર હતા તેમની સામે નિયમોનુસાર કાર્યવાહી કરવા સંબંધિત કચેરીના વડાઓને સુચના આપવામાં આવી હતી. આ અનુસંધાને દરેક સરકારી અધિકારી-કર્મચારીઓ નિયત સમયે તેમની કચેરીએ આવે અને પ્રજાલક્ષી કામગીરી કરે તેમજ નિર્ધારીત સમય સુધી કચેરીમાં બેસી કામગીરી કરે તે પ્રકારે કલેક્ટર દ્વારા સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યા છે.

# સુરત : ગોપાલ ગ્રામ પંચાયતનો તલાટી લાંચ લેવા જતા સપડાયો

## અરજદાર પાસે તેના બીલના પત્રકમાં સહી કરી રકમ મંજૂર કરવા રૂા.૧૦,૦૦૦ની લાંચ માંગી હતી

રાજકોટ, તા.૪

સુરત જીલ્લાના મહુવા તાલુકાના ગોપાલગ્રામ પંચાયતના તલાટીએ જનમન આવાસ યોજનાની કામગીરીના બીલની રકમ મંજૂર કરવાના પત્રકમાં સહી કરવા બદલ અરજદાર પાસેથી માંગેલ લાંચની રકમ રૂા.૮૦૦૦ સ્વિકારતા નવસારી એ.સી.બી.પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર ત્થા મદદનીશો ગોઠવેલ છટકામાં સાક્ષી-પંચોની હાજરીમાં ઝડપાઈ જતા તલાટી કેયુર ગરાશીયાની ધરપકડ કરેલ છે.



ગોપાલ ગ્રામ પંચાયતમાં જનમન આવાસ યોજના હેઠળ મંજૂર કરાયેલ મકાન બાંધકામની નાણાંની રકમ મેળવવા અરજદાર દ્વારા જરૂરી દસ્તાવેજો આધાર-પુરાવાઓ રજૂ કર્યા બાદ લાભાર્થીઓના પત્રક ભરી નાણાં મંજૂર કરવા રજૂ કરેલ બીલમાં સહી કરવાના બદલામાં તલાટી કેયુર ગોપાલભાઈ ગરાશીયાએ રૂા.૧૦,૦૦૦ ની લાંચ માંગેલ અરજદાર લાંચ આપવા ન ઈચ્છતા હોવાથી લાંચ રૂશ્વત વિરોધી કચેરીનો સંપર્ક સાધતા સુરત એકમના મદદનીશ નિયામકના માર્ગદર્શનમાં નવસારી એ.સી.બી.પોલીસ મથકના ઈન્સ્પેક્ટર બી.ડી.રાઠવાની દેખરેખમાં મદદનીશો તેમજ સાક્ષી અને પંચની રૂબરૂમાં ગોઠવાયેલ છટકામાં અરજદાર સાથે લાંચ બાબતની વાતચીત પછી લાંચની રકમ રૂા.૮૦૦૦ સ્વિકારતા તલાટીને ગ્રામ પંચાયત કચેરીના પગથીયા પરથી ઝડપી પાડેલ.

# જામનગર : એડવોકેટના પત્નીનો માનસિક બીમારીથી કંટાળી આપઘાત

(નયના દવે દ્વારા)

જામનગર તા.૪:

જામનગર માં રાજપાર્ક નજીક રમણ પાર્ક સોસાયટીમાં રહેતા એડવોકેટ હિમાંશુભાઈ વેલજીભાઈ પાણખાણીયા ના પત્ની સુમિત્રાબેન (ઉ.વ.૫૩) કે જેઓ છેલ્લા ૨૫ વર્ષથી માનસિક બીમારી થી પીડાતા હતા. જેની દવા ચાલુ હોવા છતાં સારું થતું ન હોવાથી પોતાની બીમારી થી તંગ આવી ગયા હતા.

દરમિયાન ગઈકાલે તેઓએ પોતાના ઘેર બાથરૂમ સાફ કરવાનું જંતુનાશક પ્રવાહી પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નીપજ્યું છે. આ બનાવ અંગે મૃતકના પતિ એડવોકેટ હિમાંશુભાઈ વેલજીભાઈ પાણખાણીયાએ પોલીસને જાણ કરતાં સીટી બી. ડિવિઝન ના પીએસઆઇ જે.પી. સોઢા હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહ નો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં પ્રેમસંબંધમાં આડખીલીરૂપ બનતી બાળકીની હત્યાના કેસમાં આરોપીના જામીન નામંજૂર

(નયના દવે દ્વારા)

જામનગર તા.૪:

જામનગર ના એક શખ્સે પ્રેમ સંબંધ માં આડખીલીરૂપ બનતી પાંચ વર્ષ ની બાળકી ની હત્યા કરી હતી.જે અંગે ની ફરિયાદ આરોપી શખ્સ ની પ્રેમીકાએ પોલીસમાં નોંધાવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.જે આરોપીએ જામીનમુક્ત થવા કરેલી અરજી અદાલતે નકારી કાઢી છે.જામનગરના એક મહિલાએ પોતાના પતિ પાસેથી છૂટાછેડા લીધા હતા. આ વેળાએ તેણી સાથે પુત્રી રહી હતી. આ મહિલાનો વીરેન જાનકીદાસ રામાવત સાથે પ્રેમસંબંધ બંધાયા પછી વીરેને લગ્ન કરવા જણાવ્યું હતું પરંતુ આ મહિલાની પુત્રીને સાથે નહીં રાખવા કહ્યું હતું.આ મામલે તે મહિલા અને વીરેન વચ્ચે વિખવાદ થયા પછી પાંચ વર્ષની બાળકી આડખીલી રૂપ બનતી હોવાથી વીરેન જાનકીદાસ રામાવતે આ બાળકીના પેટમાં બચકુ ભરી લઈ વેલણથી હાથ, પગ તથા માથામાં ઈજા પહોંચાડતા તે બાળકીનું મૃત્યુ નિપજ્યું હતું. આ અંગે પોલીસ સ્ટેશનમાં તેની ફરિયાદ કરાતા પોલીસે હત્યાનો ગુન્હો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.જે આરોપીએ જામીનમુકત થવા અદાલતમાં અરજી કરતાં સરકાર તરફથી રોકાયેલા મદદનીશ જિલ્લા સરકારી વકીલ પિયુષ પરમારે દલીલો રજૂ કરી હતી. જેને ગ્રાહ્ય રાખી અદાલતે આરોપી વીરેન જાનકીદાસ રામાવત ની જામીન અરજી ના મંજૂર કરી છે.

# સુરજકરાડીના વેપારી પિતા-પુત્ર પાસે રાક્ષસી વ્યાજ લેનાર ત્રણ સામે ફરીયાદ

(વિજય ધ્રૂણા દ્વારા)

મીઠાપુર, તા.૪

દેવભૂમી દ્વારકા જીલ્લાના સુરજકરાડી મુકામે હાઈવે પર જ ચાની હોટેલ ચલાવનાર વેપારી પિતા-પુત્ર પાસેથી રાક્ષસી વ્યાજની વસુલી કરનાર ત્રણ વ્યાજંકવાદીઓ સામે ફરીયાદ થઈ છે. પંકજ પ્રવિણ રાઠોડ આરંભડાના વતની વલૈયાભા સુમણીયા પાસેથી છ માસ પૂર્વે પાંચ ટકાના હીસાબે એક લાખ રૂપિયા લીધા હતા. જેનુ પ્રતિરોજ રૂપિયા ૫૦૦ વ્યાજ વસુલ કરવામાં આવતુ હતુ. ઉપરાંત ફરીયાદી પંકજભાઈએ અન્ય એક આરોપી જયેશ સાગરભાઈ પંડયા પાસેથી રૂા.૩૫૦૦૦ પાંચ ટકાના હિસાબે વ્યાજે લીધા હતા અને આ વ્યકિતને દરરોજના ૪૦૦ આપવામાં મોડું થાય તો કડક ઉઘરાણી પણ કરવામાં આવતી હતી. ફરીયાદીના પિતા પ્રવિણભાઈએ વધુ એક આરોપી સુરજકરાડીના કારાભા ભછડ પાસેથી ૫૦ હજાર વ્યાજે લીધા હતા. જેનુ દર સપ્તાહે ૩૫૦ રૂપિયા વ્યાજ ચુકવતા હતા. આમ આ પિતા-પુત્ર પાસેથી તોતિંગ વ્યાજ લેવા અંગે કારાભા ભછડ, વલૈયાભા તેમજ જયેશ પંડયા વિરૂધ્ધ મીઠાપુર પોલીસમાં અપરાધ નોંધાયો છે.

# વાંકાનેરની ભાટિયા સોસાયટીમાં ગાડીના પૈસાની લેતીદેતી મામલે મારામારી, પાંચ વિરુદ્ધ ફરિયાદ

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૪:

શહેરની ભાટિયા સોસાયટીમાં પૈસાની લેતીદિતી મામલે પાંચ ઇસમોએ યુવાનને માર મારી લોખંડ પાઈપ વડે માથામાં ઈજા કરી લાકડાના ધોકા વડે મારી ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે

વાંકાનેરની ભાટિયા સોસાયટીમાં રહેતા હરપાલસિંહ કિશોરસિંહ ઝાલા (ઉ.વ.૨૫) નામના યુવાને આરોપીઓ સંજય રાણાભાઇ રાજગોર, અંકુર ઉર્ફે ભાણું, લાલો ઉર્ફે શિવાજી રાજગોર, કેવલ મોહન રાજગોર અને અનીલ રાજગોર રહે બધા ભાટિયા સોસાયટી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે આરોપી સંજય રાજગોર સાથે ગાડીના પૈસાની લેતીદિતી મામલે મનદુ:ખનો ખાર રાખી આરોપીઓએ આવી યુવાનને લોખંડ પાઈપ માથામાં ઝીકી તેમજ હાથમાં ફ્રેકચર જેવી ઈજા કરી હતી તેમજ આરોપી અંકુરે છરી વડે કપાળના ભાગે ઈજા કરી અન્ય ઇસમોએ લાકડાના ધોકા વડે માર મારી શરીરે ઈજા પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી વાંકાનેર સીટી પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ ચલાવી છે

# જામનગરમાં મહિલાનું હીટાચી મશીન નીચે દબાઈ જતાં કમકમાટીભર્યું મૃત્યુ

(નયના દવે દ્વારા)

જામનગર તા.૪:

જામનગરમાં ઢીંચડા રોડ પર ભૂગર્ભ ગટરના ચાલી રહેલા કામકાજ દરમિયાન સાંજના પાંચેક વાગ્યાના અરસામાં હિટાચી મશીનના ચાલકે બે મહિલાઓ ને હડફેટમાં લઈ લીધી હતી, જેમાં એક મહિલાનું ચગદાઈ જતાં ઘટના સ્થળેજ કમકમાટી ભર્યું મૃત્યુ નિપજ્યું છે, જયારે બીજી મહિલાના બે પગ કપાયા છે.

આ ઘટનાને લઈને ભારે દોડધામ થઈ હતી. હિટાચી મશીન નો ઓપરેટર ભાગી છૂટ્યો હતો. પોલીસ ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ છે, અને વધુ તપાસ ચલાવે છે. આ બનાવની હકીકત એવી છે કે જામનગરમાં ઢીંચડા રોડ પર મહાનગરપાલિકા દ્વારા ભૂગર્ભ ગટરની પાઇપલાઇન બીછાવવાનું કામ હાથ ધરાયું છે, અને પૂજા બિલ્ડર્સ નામની પેઢી દ્વારા આ સ્થળે ભૂગર્ભ ગટર ની પાઇપલાઇન બીછાવવાનું કામકાજ રાખવામાં આવ્યું છે. જે કંપનીના કામ હેઠળ સોમવારે સાંજે પાંચેક વાગ્યાના અરસામાં હિટાચી મશીન દ્વારા ખોદાણ ચાલી રહ્યું હતું.

તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલી બે મહિલાઓ એકાએક હિટાચી મશીન નીચે દબાઈ હતી. જેમાં ઢીંચડા રોડ પર રહેતી અને મજૂરી કામ કરતી મધુબેન નારણભાઈ સુરડીયા નામની ૫૫ વર્ષની પ્રૌઢ મહિલા, કે જે રિવર્સમાં આવી રહેલા હીટાચી મશીન નીચે દબાઈ જવાથી તેણીનું ઘટના સ્થળેજ કરુણ મૃત્યુ નીપજ્યું હતું. હિટાચી મશીનની નીચે દબાઈ જવાના કારણે તેના દેહનો છુંદો નીકળી ગયો હતો, અને ભારે બીહામણાં દ્રશ્ય સર્જાયા હતા.

# મોરબીના દલવાડી સર્કલે મારામારી પ્રકરણમાં વળતી પોલીસ ફરિયાદ નોંધાઈ

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૪:

દલવાડી સર્કલે બુલેટ અને કાર અથડાતા માથાકૂટ થવા પામી હતી જેમાં કારમાં ધોકા અને પથ્થર વડે તોડફોડ કરી નુકશાન કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી જયારે હવે સામાપક્ષે પણ કાર ચાલક અને ત્રણ અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષની સામસામી ફરિયાદને આધારે તપાસ ચલાવી છે

મોરબીના દલવાડી સર્કલ કંડલા હાઈવેના રહેવાસી વિજય થોભણભાઈ પરસાડીયા (ઉ.વ.૨૮) નામના યુવાને ફોર્ચ્યુનર કાર જીજે ૦૩ ૦૨૫૬ ના ચાલક અને ત્રણ અજાણ્યા માણસો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ફરિયાદી વિજય અને તેનો મિત્ર નાસ્તો લઈને ઘરે જતા હતા ત્યારે દલવાડી સર્કલથી સામેના ભાગે જતી વેળાએ રોડ ક્રોસ કરતી વખતે બુલેટ ઉભું રાખ્યું હતું ત્યારે પાછળથી ફોર્ચ્યુનર કારના ચાલકે બુલેટને પાછળથી ઠોકર મારી હતી અને બોલાચાલી થઇ હતી જે બોલાચાલી બાદ કાર ચાલક અને પાછળ બેસેલ અજાણ્યા ઇસમોએ ઝપાઝપી કરી ઢીકા પાટું મારી ઈજા કરી હતી અને ધોકો કાઢી વિજયને શરીરે અને માતાહાના ભાગે મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી મોરબી સીટી એ ડીવીઝન પોલીસે બંને પક્ષની સામસામી ફરિયાદને આધારે વધુ તપાસ ચલાવી છે

# વાંકાનેરના જોધપર ગામે મજુરીના પૈસાની લેતીદેતી મામલે મારામારી

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૪:

જોધપર ખારી ગામે મજુરીના પૈસાની લેતીદિતી બાબતનો ખાર રાખી દીકરા સાથે ઝઘડો કરી માતાને માર મારી તેમજ પિતા સાથે બોલાચાલી કરી જાતી પ્રત્યે હડધૂત કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે

વાંકાનેર તાલુકાના જોધપર ખારી ગામે રહેતા હંસાબેન કલાભાઈ પરમાર (ઉ.વ.૫૨) વાળાએ આરોપી રમેશ રતનશી ધરજીયા રહે જોધપર ખારી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે આરોપીએ ફરિયાદી પાસે સેટિંગની મંજૂરીના પૈસા માંગતા હતા જે પૈસાની લેતીદેતીનો ખાર રાખી ફરિયાદીના દીકરા સાથે ઝઘડો કર્યો હતો જેથી હંસાબેન વચ્ચે પડતા વાળ ખેંચી જાપટો મારી પાડી દઈને પેટમાં પાટું મારી લાકડું મારવા જતા બાબુભાઈ ચાવડાએ આડો હાથ નાખતા તેને મુંઢ માર મારી તેમજ હંસાબેનના પતી કલાભાઈ પરમાર સાથે બોલાચાલી કરી જાતી પ્રત્યે હડધૂત કર્યાની ફરિયાદ નોંધાવી છે વાંકાનેર તાલુકા પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

# મોરબીના હાઉસિંગ બોર્ડના મકાનમાંથી ૧૩.૪૦ લાખની મત્તાની ચોરી કરનાર બે ઝડપાયા

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૪:

શહેરના હાઉસિંગ બોર્ડના ભાડાના મકાનમાં લાખોની રોકડ અને દાગીના સહીત ૧૩.૪૦ લાખની મત્તા ભૂલી ગયા હતા જે મકાન પાડવા માટે આપ્યા બાદ રોકડ અને દાગીનાની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ હતી જે ફરિયાદને પગલે પોલીસે તપાસ ચલાવતા બે ઇસમોને ઝડપી લઈને મુદામાલ રીકવર કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે



મોરબીના શનાળા રોડ પર હાઉસિંગ બોર્ડમાં રહેતા હસમુખભાઈ લખમણભાઈ કોઠીયા નવું રહેણાંક મકાન બનાવવા ભાડાના મકાનમાં રહેતા હતા અને ભાડાનું મકાન ખાલી કર્યું ત્યારે દાગીના અને રોકડ ભરેલ થેલો ભુલાઈ ગયો હતો જે મકાન પાડવા માટે મજુરોને આપ્યું હતું અને ભુલાઈ ગયેલ રોકડ અને દાગીના ભરેલ ૧૩.૪૦ લાખની મત્તાનો થેલો ચોરી થયાની ફરિયાદ નોંધાઈ હતી સીટી એ ડીવીઝન પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી હતી અને કામ કરવા આવેલ મજૂરોની બાતમી મેળવી પૂછપરછ કરતા તેઓ મકાન પાડવા આવ્યા ત્યારે એક થેલો મળ્યો હતો જેમાં રોકડ રૂપિયા અને સોનાના દાગીના મળી આવતા ચોરી કર્યાની કબુલાત આપી હતી

જેથી એ ડીવીઝન પોલીસે આરોપીઓ રાકેશ વાગુભાઈ ભીલાભાઈ નીનામા અને મુકેશ વાગુભાઈ ભીલાભાઈ નીનામા રહે બંને મધ્યપ્રદેશ વાળાને ઝડપી લઈને ચોરી થયેલ સોનાના દાગીના કીમત રૂ ૧૦.૨૦ લાખ અને રોકડ રૂ ૩.૨૦ લાખ સહીત કુલ રૂ ૧૩.૪૦ લાખની મત્તા રીકવર કરી છે અન્ય એક મહિલા આરોપી જ્યોતિબેન રાકેશભાઈ વાગુભાઈ નીનામા રહે કંડલા બાયપાસ મૂળ રહે એમપી વાળાનું નામ ખુલતા વધુ તપાસ ચલાવી છે

# ખુલ્લા પ્લોટમાં આગ ભભુકી

રાજકોટ તા.૪:

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ અયોધ્યા ચોક નજીક એચસીજી હોસ્પિટલની સામેના ભાગે આવેલ ખુલ્લા પ્લોટમાં આગ લાગ્યાની ઘટના સામે આવી હતી. ખુલ્લા પ્લોટમાં કચરાના ઢગલામાં આગ ભભુકતા ધુમાડાના ગોટેગોટા ઉઠવા પામ્યાં હતા. જેના પગલે બપોરે ૧૩૩ વાગ્યે ફાયર બ્રિગેડને આગનો કોલ મળતા રામાપીર ફાયર સ્ટેશન ખાતેથી બે ફાયર ફાઇટર અને રેલનગર ફાયર સ્ટેશન ખાતેથી એક એમ કુલ ત્રણ ફાયર ફાઇટર રવાના કરવામાં આવ્યા હતા. આ લખાઈ રહ્યું છે ત્યાર સુધીમાં આગ પર કાબુ મેળવી ફાયર ફાઇટર પરત આવી શક્યા નથી.

# વાંકાનેર ઓફિસમાં ઝેરી દવા પી ગયેલ આધેડનું મોત

(રવિ નિમાવત દ્વારા) મોરબી તા.૪:

શહેરની બીએસએનએલ ઓફિસમાં ઝેરી દવા પી લેતા ૪૨ વર્ષીય આધેડને સારવાર માટે ખસેડાયા હતા જ્યાં સારવારમાં મોત થયું હતું

વાંકાનેર તાલુકાના રાતીદેવડી ગામે રહેતા મહમદઈરફાન ઈસ્માઈલ માથકિયા (ઉ.વ.૪૨) નામના આધેડ ગત તા. ૨૪ ના રોજ શહેરની બીએસએનએલ ઓફિસમાં કોઈ કાણોસર ઝેરી દવા પી લેતા સારવાર માટે મોરબીની ખાનગી હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડાયા હતા જ્યાં સારવારમાં મોત થયું હતું વાંકાનેર સીટી પોલીસે બનાવની નોંધ કરી વધુ તપાસ ચલાવી છે

# મવડી પોલીસ હેડક્વાર્ટર નજીક બે જૂથો વચ્ચે મારામારી

## કચરો-એઠવાડ ફેંકવા બાબતે બે પરિવારો વચ્ચે ઝપાઝપી, અંતે ઘીના ઠામમાં ઘી પડ્યું

રાજકોટ તા.૪:

શહેરમાં મવડી પોલીસ હેડક્વાર્ટર નજીક બે પરિવારો વચ્ચે એઠવાડ ફેંકવા બાબતે બોલાચાલી થયાં બાદ ઝપાઝપી અને મારામારી થયાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જો કે, મારામારી બાદ મામલો થાળે પડી જતાં કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ ન હતી. મામલાની પ્રાપ્ત વિગત અનુસાર મવડી નજીક રૂરલ પોલીસ હેડક્વાર્ટર પાસે ગત રાત્રે એક પરિવારનો જમણવાર પૂર્ણ થયાં બાદ જાહેર રોડ પર એઠવાડ ફેંકવા બાબતે બે અલગ અલગ સમાજના જૂથો વચ્ચે પ્રથમ બોલાચાલી થઇ હતી. જે બાદ બંને જૂથોના સભ્યોએ ટોળાં એકત્રિત કરતા મામલાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને બોલાચાલી જોતજોતામાં જ ઝપાઝપી અને મારામારીમાં તબદીલ થઇ ગઈ હતી. જો કે, ત્યારબાદ બંને જૂથો વચ્ચે સમાધાન થઇ જતાં મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો ન હતો. પરંતુ ઘટનાનો વિડીયો વાયરલ થતાં બંને જૂથોમાં દોડધામ મચી જવા પામી હતી.

# મોરબીના જેતપર ગામે ૨૫ વર્ષીય યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

(રવિ નિમાવત દ્વારા) મોરબી તા.૪:

જેતપર ગામે રહેતા ૨૫ વર્ષના યુવાને પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આયખું ટુંકાવ્યું હતું બનાવ મામલે પોલીસે વધુ તપાસ ચલાવી છે બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી તાલુકાના જેતપર ગામે રહેતા પરમાર રોહિત ધનજીભાઈ (ઉ.વ.૨૫) નામના યુવાને પોતાના ઘરે અંદરથી બારણું બંધ કરી જાતે ગળેફાંસો ખાઈ લેતા મોત થયું હતું બનાવને પગલે તાલુકા પોલીસ ટીમ દોડી ગઈ હતી અને મૃતદેહ પીએમ અર્થે ખસેડાયો છે પોલીસે આપઘાતના બનાવની નોંધ કરી કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે

# ખંભાળીયાના યુવક પાસેથી રૂપિયા ખંખેરનાર ઝડપાયો

(વિજય ધ્રૂણા દ્વારા)

મીઠાપુર, તા.૪

દેવભૂમી દ્વારકા જીલ્લાના ખંભાળીયામાં રહેતા એક યુવકને શેરમાં કમાવી આપવાની લાલચ આપી રૂપિયા પડાવી લેનાર પકડાયો છે. ખંભાળીયાના નીલેશ કણજારીયાને શેરબજારમાં રૂપિયા રોકાણ કરી ડબલ કરવાનુ જણાવી રણજીતસિંહ ઠાકોર નામના શખ્સે આશરે ૩૮ હજારનો ધુમ્બો માર્યો હતો. બાદમાં ખંભાળીયાના યુવકને પોતે છેતરાયો છે તેવુ લાગતા પોલીસ ફરીયાદ નોંધાવી હતી. જેથી ખંભાળીયા સાયબર ક્રાઈમ પોલીસે પાટણ જીલ્લામાંથી આરોપી રણજીતસિંહને દબોચી લીધો હતો.



# મોરબી જીલ્લા પોલીસની ચેકિંગ ડ્રાઈવ, સરપ્રાઈઝ ચેકિંગમાં ૪૫૩ વાહનો ચેક કર્યા

## નંબર પ્લેટ વગરના ૨૧ વાહનચાલકો સામે કેસ, લાયસન્સ ના હોય તેવા ૯ કેસ

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૪:

મોરબી જીલ્લામાં હાઇવે પર ભારે વાહન વિરુદ્ધ જીલ્લા પોલીસે ચેકિંગ ડ્રાઈવનું આયોજન કર્યું હતું જે સરપ્રાઈઝ ચેકિંગમાં કુલ ૪૫૩ વાહનો ચેક કરવામાં આવ્યા હતા અને વિવિધ નિયમભંગના કેસો કરવામાં આવ્યા હતા મોરબી જીલ્લામાં તા. ૦૩ ના રોજ સાંજથી રાત્રી સુધી ભારે વાહન ચેકીન ડ્રાઈવ યોજાઈ હતી જે સરપ્રાઈઝ વાહન ચેકિંગમાં ટ્રાફિક પોલીસ ટીમોએ કુલ ૪૫૩ વાહનો ચેક કર્યા હતા જેમાં નંબર પ્લેટ વગરના ૨૧ વાહનચાલકો સામે કેસ, વાહનમાં માલસામાન ભરેલ હોય અને તાલપત્રી ના હોય તેવા ૦૮ વાહનચાલકો વિરુદ્ધ કેસ, લાયસન્સ ના હોય તેવા ૦૯ કેસો, રોંગ સાઈડ/વધુ ગતિથી ચલાવતા ૦૫ વાહનચાલકો વિરુદ્ધ કેસ, અડચણરૂપ પાર્ક કરેલ વાહનો વિરુદ્ધ ૦૩ કેસ, એમ વી એક્ટ ૨૦૭ મુજબના ૧૦ વાહન ડીટેઈન કરવામાં આવ્યા હતા તેમજ ચેકિંગ ડ્રાઈવ દરમિયાન કુલ રૂ ૫૪,૬૦૦ નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો



# સોમનાથ ખાતે બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ યોજાશે
## ૭ માર્ચ સુધી રજીસ્ટ્રેશન કરાવી શકશે ખેલાડીઓ

સોમનાથ તા.૪:રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તક સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા તા.૧૮ માર્ચ થી ૨૧ માર્ચ ૨૦૨૫ સુધી સોમનાથ ખાતે બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ ૨૦૨૫ યોજાશે.

આ બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં બીચ હેન્ડબોલ અને બીચ વોલીબોલ રમતનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ગીર સોમનાથ જિલ્લાના ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ ૦૭ માર્ચ ૨૦૨૫ સુધી રજીસ્ટ્રેશન કરાવી શકશે. જેમાં વિજેતા ટીમને અનુક્રમે પ્રથમ નંબરને રૂ.૩ લાખ, બીજા નંબરને રૂ.૨ લાખ તથા ત્રીજા નંબરને રૂ.૧ લાખના રોકડ પુરસ્કાર સરકાર દ્વારા આપવામાં આવશે.

આ બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં ફક્ત ઓપન એઈજ ગ્રુપના ભાઈઓ/બહેનો જ ભાગ લઇ શકશે. જેથી બીચ સ્પોર્ટ્સ ફેસ્ટીવલમાં ભાગ લેવા ઈચ્છુક ગીર સોમનાથ જિલ્લાના ખેલાડીઓએ રજીસ્ટ્રેશન માટે સ્પોર્ટ્સ ઓથોરિટી(ડોટ)ગુજરાત(ડોટ)જીઓવી(ડોટ)ઈન (https://sportsauthority.gujarat.gov.in/Default/assets/img/Beach_Sports_Registration_Form.pdf) ની લીંક પરથી ફોર્મ ડાઉનલોડ કરી વિગતવાર માહિતી ભરીને જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન, રૂમ નં. ૩૧૫/૩૧૬, બીજો માળ, ઈણાજ, તા. વેરાવળ ખાતે તા.૦૫ માર્ચથી તા.૦૭ માર્ચ ૨૦૨૫ સુધી કચેરી સમય દરમિયાન ફોર્મ જમા કરવાનું રહેશે.

આ સ્પોર્ટ્સ ફેસ્ટીવલની વધુ માહિતી માટે જિલ્લા રમત વિકાસ અધિકારી, શ્રી કાનજી ભાલીયા મો.૯૪૨૯૦૦૦૦૪૦ તથા ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૭૪-૬૧૫૧નો સંપર્ક કરવા જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીની એક યાદીમાં જણાવાયું છે.

# વિજ્ઞાન, આત્મજ્ઞાન અને સાહિત્યએ જગતને ઘડ્યું છે :મોરારિબાપુ
## કાગધામ મજાદર ખાતે યોજાયો ૨૪મો કાગવંદના એવોર્ડ સમારોહ

મજાદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

પદ્મશ્રી દુલાભાયા કાગની પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષે ફાગણ સુદ ચોથના પવિત્ર દિવસે તેમના પૈત્રિક વતન મજાદર ખાતે કાગવંદના એવોર્ડ સમારોહનું આયોજન પુ. મોરારિબાપુની પ્રેરણાથી છેલ્લા ૨૪ વર્ષથી થઈ રહ્યું છે. આ વર્ષે આ સમારોહ એ ૨૪મો એવોર્ડ સમારોહ હતો. પૂજ્ય કાગબાપુની ૪૮મી પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાતના ખૂણે ખૂણેથી ચારણી સાહિત્યના મર્મીઓ અને રસિકોએ પોતાની ઉપસ્થિતિ દર્જ કરાવી હતી તથા કાગબાપુ પ્રત્યે પોતાની સમર્પિત ભાવનાથી અહોભાવ વ્યક્ત કર્યો હતો.



દર વર્ષે આ ઉત્સવમાં બપોરની બેઠકમાં ''કાગને ફળિએ કાગની વાતું''એ શિર્ષકથી કાગબાપુના સાહિત્ય પર વિદ્વાન વક્તાઓની વાણીનો લાભ ઉપસ્થિત બૌદ્ધિકોને અને રસિકોને મળે છે.ચાલુ વર્ષે કાગવાણીની કવિતાએ વિષયના શિર્ષક સાથે કવિ શ્રી વિનોદ જોશી એ કાગવાણીના સ્વરૂપો અને તેના અર્થ બોધને સ્પષ્ટ કરીને તેમાંથી નિષ્પન્ન થતી ભાવ સંવેદનાઓને સૌ સામે સુયોજિત રીતે પ્રસ્તુત કરી હતી.કાર્યક્રમમાં એકાએક રામાયણના મર્મજ્ઞ અને લોકસાહિત્ય સાથે જોડાયેલા સાસંદશ્રી પુરુષોત્તમ રૂપાલા પણ સામેલ થયા હતા અને તેમણે આ એવોર્ડ સમારોહ દ્વારા થઈ રહેલી કાગ વંદનાને અને બાપુના કાર્યને વંદન સાથે આવકારી કવિ કાગની લોકસાહિત્યથી જીવનશૈલી તરફની ગતિને શ્રી રૂપાલાએ પ્રસ્તુત કરી હતી.કાગ પરિવાર બધી શ્રી બાબુભાઈ કાગ અને જયદેવભાઈ કાગે સૌને આવકાર્યા હતા.

સાંજની બેઠકમાં પ્રથમ બેઠક કાગ એવોર્ડ સમારોહની હતી. જેમાં ચાલુ વર્ષે પાંચ વિદ્વાનોની પસંદગી કરીને તેમને પ્રશસ્તિપત્ર, શાલ સૂત્રમાલા અને રોકડ રકમથી પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં.આ વર્ષે દિવંગત લોક સાહિત્યકારને અપાતો એવોર્ડ રાણપુર (કરજણ)ના સ્વ. શ્રી ભાઇલાલભાઈ કવિના પુત્રશ્રી મહેન્દ્ર રાણપુરાએ સ્વીકાર્યો. લોકસાહિત્યના સ્ટેજ કલાકાર તરીકેનો એવોર્ડ કુવાદરના શ્રી ધનરાજ રતનશી ગઢવીને અપાયો તો ચારણી સાહિત્યના મર્મી તરીકેનો એવોર્ડ જૂનાગઢના શ્રી અમુદાન ગઢવીને મળ્યો અને પ્રતિવર્ષ એક રાજસ્થાની ચારણ વિદ્વાનને એનાયત થતો કાગ એવોર્ડ આ વર્ષે નાગોરના શ્રી લક્ષ્મણદાસ કવિયાને એવોર્ડ અર્પણ થયો.

પ્રથમ બેઠકના પ્રારંભમાં શ્રી વસંતભાઈ ગઢવી અને અમુદાનભાઈ ગઢવી વગેરે પ્રાસંગિક ઉદબોધન કરીને પૂજ્ય બાપુ દ્વારા થઈ રહેલા આ કાગ સ્મૃતિના યજ્ઞને બિરદાવવા માટે શબ્દો નથી તેમ જણાવ્યું હતું.

એવોર્ડ અર્પણ થયા પછી દીક્ષાંત પ્રવચનમાં પૂજ્ય મોરારિબાપુએ કહ્યું કે જગતને ઘડવામાં ત્રણ પરિબળોએ કામ કર્યું છે. જેમાં વિજ્ઞાન,આત્મજ્ઞાન અને સાહિત્યનો સમાવેશ થાય છે. મારું ગામ એ તલગાજરડા છે પરંતુ સેંજળ એ અમારુ સમાધિસ્થાન તેથી એ પણ અમારું ગામ અને ત્રીજું મજાદર એ કાગબાપુનું સ્થાન તેથી હું તેને પણ મારું જ ગામ ગણું છું.

સંસ્કૃતમાં સાહિત્યનો અર્થ સત્ય સાથે ચાલે તે કરવામાં આવ્યો છે. તો વળી જે પ્રેમથી પગલા ભરે અને કરુણાના સ્વરમાં બોલે તે સાહિત્ય એમ પણ જણાવી શકીએ. રામાયણના શિખરસ્થ વક્તા મહાદેવજી અને બીજા કાગભુષંડી છે અને ત્રીજા હું કાગબાપુને ગણું છું. કાગવાણી એ શુકનવંતી છે.

# રાજુલામાં કેસરીનંદન હનુમાનજીના મંદિર ખાતે ૧૬માં પાટોત્સવની ઉજવણી કરાઈ

ધર્મેશ મહેતા રાજુલા તા.૪:

રાજુલા શહેરમાં આવેલ સુપ્રસિદ્ધ અને હજારો ભાવિકો કાયમી અહીં દર્શનાર્થે આવી રહ્યા છે એવા કેસરીનંદન હનુમાનજીના મંદિરના ૧૬ માં પાટોત્સવ નિમિત્તે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા. અને સાત જોડકાઓ દ્વારા જેમાં રાજુલા નગરપાલિકાના વોર્ડ નંબર-૬ ના સદસ્ય અર્ચનાબેન પરાગભાઇ જોશી અને મનહરભાઈ કરણભાઈ બારૈયા સહિત સાત વ્યક્તિઓ આ હવનમાં બેસ્યા હતા અને આહુતે આપી હતી.



અને આ ભગીરથ કાર્યમાં સહભાગી બન્યા હતા. આખો દિવસ ચાલેલા આ હોમાત્મક યજ્ઞમાં બપોરે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આખો દિવસ ચાલેલા આ યજ્ઞમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને આહીર સમાજ અગ્રણી જે.બી.ભાઈ લાખણોત્રા, વિશ્વ હિન્દુ પરિષદ પ્રમુખ યુવરાજભાઇ ચાંદુ, કમલેશભાઇ મકવાણા, સનાતનદાસ બાપુ તથા સંતો મહંતો સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# વણાંકબારા જેટી ઉપર ફિશિંગ બોટમાં આગથી લાખોનુ નુકશાન



(શકીલ કાશમાણી દ્વારા)

દીવ, તા.૪

દીવના વણાંકબારા ગોમતી માતા જેટી ઉપર પિયુષ જીવાની હનુમાન પ્રસાદ નામની બોટમાં બપોરે અચાનક આગ લાગી આ લાગતા સ્થાનિકોએ આગને કાબુમાં લેવાની કોશિષ કરી ફાયરની ગાડી મોડી આવતા ફિશિંગ બોટને વધુ નુકશાન થયુ હતુ.

આ ફિશિંગ બોટનુ રિપેરીંગ કામ ચાલુ હતુ. બપોરે માછીમારભાઈઓ જેટી ઉપર જમતા હતા ત્યારે જ અચાનક બોટમાં આગ લાગી આ આગથી બોટ માલિકને મોટું આર્થિક નુકશાન થયુ છે. વણાંકબારા બંદર ઉપર ૧૨૦૦ થી ૧૫૦૦ ફિશિંગ બોટો છે તો ફાયર બ્રિગેડની ગાડી કાયમ માટે અહિં જ રહેવી જોઈએ તેવી દરેકની માંગ છે.

# રાજુલાના રામપરા-૨ ગામે તૃતીય સમૂહ લગ્નનોત્સવ યોજાયો



ધર્મેશ મહેતા રાજુલા તા.૪:

રાજુલા તાલુકા રામાનંદી સાધુ સમાજ ટ્રસ્ટ દ્વારા આયોજીત તૃતીય સમૂહ લગ્નનું રાજુલા તાલુકાના રામપરા-૨ ગામે આવેલ વૃંદાવન બાગ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નનોત્સવ પધારેલા સંતો-મહંતો તેમજ રાજકીય-સામાજીક આગેવાનોનું સન્માન કરાયું હતું. સમૂહ લગ્નનોત્સવ ૨૧ નવ દંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યાં હતાં. અને પધારેલા સંતો-મહંતોએ નવ દંપતીઓએ આશીર્વચન પાઠવ્યા હતાં. ખાસ કરીને દાતાઓના સહયોગથી કન્યાઓને ૬૦ થી વધારે કરીયાવારમા વસ્તુઓ અર્પણ કરવામાં આવી હતી. અને લગ્ન વિધી મૂખ્ય આચાર્ય મનસુખદાદા રાભડાવાળા કરાવવામાં આવી હતી. આ લગ્ન પ્રસંગના મુખ્ય દાતા સ્વ. શારદાબેન પરમાનંદભાઇ નિમબાર્ક પરીવાર અમદાવાદ તથા દિપકભાઇ પરમાનંદભાઇ નિમબાર્ક તેમજ મહા પ્રસાદના દાતાશ્રી પ.પૂ. મહંતશ્રી નિર્મોહી અખાડા ૧૦૦૮ રાજેન્દ્રદાસ બાપુ રામપરા વૃંદાવન બાગ હતાં. રાજુલા તાલુકા રામાનંદી સાધુ સમાજ ટ્રસ્ટ દ્વારા સુંદર સમૂહ લગ્નનું આયોજન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન લોક સાહિત્યકાર શૈલેષભાઇ વાઘેલા દ્વારા કરવામાં આવ્યું. આ સમૂહ લગ્ન પ્રસંગે રામ કથાકાર પ.પૂ મોરારીબાપુ, માનવ મંદિર આશ્રમના મહંત શ્રી ભક્તિરામ બાપુ, પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર, લાલાભાઇ વાઘ(ગોલ્ડન કિંગ), અમરદાસ બાપુ, સંતો-મહંતો, રાજકીય-સામાજીક આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# માળિયામાં તંત્રએ પ્રશ્નોના ઉકેલની ખાતરી આપતા ઉપવાસ આંદોલનનો સુખદ અંતઃ મામલતદારે ઉપવાસીને પારણા કરાવ્યા

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૪:

માળિયાના વિવિધ પ્રશ્નો અન્વયે સામાજિક કાર્યકરે ઉપવાસ આંદોલન શરુ કર્યા હતા અને તબિયત લથડી હતી ત્યારબાદ તંત્ર જાગ્યું હતું અને પ્રશ્નોની ખાતરી આપતા સામાજિક કાર્યકરે પારણા કર્યા હતા અને ઉપવાસ આંદોલનનો અંત આવ્યો છે



સામાજિક કાર્યકર જુલ્ફીકાર સંધવાણીએ માળિયા (મી.) શહેરના પાંચ પ્રશ્નો જેવા કે બસ સ્ટેશન નિર્માણ, ધો. ૧૦ બોર્ડ પરીક્ષા કેન્દ્ર, રેફરલ હોસ્પિટલ સ્ટાફ કવાર્ટર બનાવવા અને ખાલી જગ્યાઓ ભરવી, મામલતદાર કચેરી નવી બનાવવી અને રેલ્વે સ્ટેશને ટ્રેનોના સ્ટોપેજ સહિતના પ્રશ્ને ગત તા. ૨૪ ફેબ્રુઆરીથી આમરણાંત ઉપવાસ શરુ કર્યા હતા અને તા. ૦૩ ના રોજ તબિયત લથડતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા જેને પગલે માળિયામાં વેપારીઓએ રોષપૂર્ણ બંધ પાળી વિરોધ નોંધાવ્યો હતો જેને પગલે તંત્ર આખરે ઝૂક્યું છે માળિયા મામલતદારે તમામ માંગણીઓ સ્વીકારવાની લેખિત ખાતરી આપી હતી જેથી ઉપવાસીએ પારણા કરી લીધા છે અને આંદોલનનો અંત આવ્યો છે

# શહેરમાં અનેક સ્થળોએથી મનપા દ્વારા ચીકન-બર્ગર-પનીર સહિતના લેવાયા સેમ્પલ

રાજકોટ, તા.૪

રાજકોટ મનપાની ફૂડ બ્રાન્ચની ટીમ દ્વારા મેકડોનાલ્ડસમાં ચિકન-બર્ગર તેમજ શહેરની અન્ય વિવિધ બજારોમાંથી ચીઝ, પનીર અને ખજૂર સહિતના સેમ્પલ લઈ તેમા ભેળસેળ હતી કે કેમ? તેની ચકાસણી માટે ફૂડ લેબોરેટરીમાં પૃથ્થકરણ અર્થે રવાના કરાયા હોવાનુ જાણવા મળે છે.

વિશેષમાં રાજકોટ મહાપાલિકાની ફૂડ બ્રાન્ચના સિનિયર ડેઝીગ્નેટેડ ફૂડ ઓફિસર ડો.હાર્દિક બી.મેતાએ જણાવ્યું હતુ કે, શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર રિલાયન્સ મોલમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપરની શોપ નં.૯ માં કાર્યરત હાર્ડ કેસલ રેસ્ટોરન્ટ પ્રાઈવેટ લિમિટેડ મેકડોનાલ્ડસ રેસ્ટોરન્ટમાંથી પ્રોસેસ્ડ ચીઝ સ્લાઈઝ લુઝ તેમજ ચિકન સરપ્રાઈઝ બર્ગર પ્રિપેર્ડ લુઝનું સેમ્પલ લઈ પરીક્ષણ અર્થે ફૂડ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યું છે.

# મનપા દ્વારા બાકીદારોની પાંચ મિલ્કત સીલ:રૂા.૪૨.૭૫ લાખની રીકવરી

રાજકોટ, તા.૪

મ્યુનિ.કોર્પોરેશનની વેરા વસુલાત શાખા દ્વારા આજે રીકવરી ઝુંબેશમાં જુદાજુદા વિસ્તારમાં વધુ પાંચ મિલ્કત સીલ કરવામાં આવી છે. તો આજે ૪૨.૭૪ લાખની રીકવરી થઈ હતી.

આજે વોર્ડ નં.૫ માં આરટીઓ રીંગ રોડ, કુવાડવા રોડ અને પેડક રોડ પર ત્રણ નળ કનેકશન કાપવામાં આવતા રીકવરી થઈ હતી. તો વોર્ડ નં.૧,૨,૧૩,૧૫,૧૮ માં નોટીસ આપવામાં આવતા રીકવરી થઈ હતી. વોર્ડ નં.૭ માં પરાબજાર ૧, યાજ્ઞીક રોડ ૧, ધનરજની કોમ્પ્લેક્ષમાં ઓફિસ, સોની બજારમાં આવેલ વ્રજમેન્શનમાં દુકાન અને સુવર્ણ કલામાં એક દુકાન સીલ કરવામાં આવી હતી. વોર્ડ નં.૧૪ ના ઢેબર રોડ પર આવેલા ભાડલા પેટ્રોલ પંપને વેરા શાખાએ નોટીસ ફટકારી છે.

આજના દિવસમાં વેરાની ૪૨.૭૪ લાખની આવક થતા આજ સુધીની ચાલુ નાણાંકીય વર્ષની આવકનો આંકડો ૩૭૭.૮૩ કરોડ પર પહોંચ્યો છે. ડે.કમિશ્નર ચેતન નંદાણી, આસી.કમિશ્નર સીમર ધડુક માર્ગદર્શનમાં મેનેજર સહિતની ટેકસ વિભાગની ટીમો આ રીકવરી ઝુંબેશમાં કામે લાગી છે.

# આર.ડી.એન.પી. પ્લસ સંસ્થાનો ૨૦ મો સ્થાપના દિન ઉજવાયો



રાજકોટ, તા.૪

આર.ડી.એન.પી.પ્લસ રાજકોટ ડીસ્ટ્રીકટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આર.વી./એઈડ્સ સંગઠનની સ્થાપના ૩ માર્ચ ૨૦૦૫ ના રોજ એચ.આઈ.વી. પોઝીટીવ લોકો દ્વારા સમગ્ર રાજકોટ જીલ્લામાં એચ.આઈ.વી. સાથે જીવતા લોકોના લાભાર્થે કરવામાં આવી. આર.ડી.એન.પી.પ્લસએ એચ.આઈ.વી. પોઝીટીવ લોકો દ્વારા લોકો માટે લોકોનુ સામુદાયિક સ્વયંસેવી સ્વૈચ્છિક સંગઠન છે. જેનો મુખ્ય હેતુ જીલ્લામાં એચ.આઈ.વી./એઈડ્સ સાથે જીવતા લોકો માટે સક્ષમ વાતાવરણ તથા સારસંભાળ અને દવાઓ મળે તેમજ તેમના માનવ અધિકારોનુ રક્ષણ થાય તે છે.

સંસ્થાને ૩ માર્ચ ૨૦૨૫ ના રોજ ૨૦ વર્ષ પૂર્ણ થયા તેની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થા પ્રમુખ જગદીશ પટેલ, સંસ્થાના બોર્ડ મેમ્બર, સ્ટાફ અને આમંત્રિત મહેમાન ડો.આકાશ દોશી (વાયરલ ઈન્ફેકશન સ્પેશીયાલીસ્ટ) તેમજ જયેશભાઈ બોરીસાગર ઉપસ્થિત રહેલ. કાર્યક્રમમાં ડો.આકાશ દોશી દ્વારા એચ.આઈ.વી. સાથે બીજી કઈ તકેદારી રાખવી જેથી કરી બીજા રોગોના થાય અને જો બીજા કોઈ રોગો થાય તો તેની સારવાર કેમ લેવી તેની માહિતી આપેલ.

સ્થાપના દિવસની ઉજવણીના અંતે ઉપસ્થિત મહેમાન, બોર્ડ મેમ્બર, સ્ટાફ અને લાભાર્થીઓ સાથે મળી કેક કટીંગ કરી બધાનુ મો મીઠું કરાવેલ અને બધા લાભાર્થીને રાશન વિતરણ કરેલ જેમાં ખીચડી, ચણાનો લોટ, નમક અને ચાની ભુકી આપેલ. તેમજ આર.ડી.એન.પી.પ્લસ સંસ્થા એચ.આઈ.વી/એઈડ્સ ગ્રસ્ત માટે સારૂ કામ કરે છે તેમ ભવિષ્યમાં પણ કરતુ રહે અને બધાનુ સ્વાસ્થ્ય સારૂ રહે તેવી ભાવના સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ.

# બેટ દ્વારકા દર્શનના સમયમાં ફેરફાર

રાજકોટ, તા.૪

બેટ દેવસ્થાન સમિતિ દ્વારકાધીશ મંદિર, બેટ દ્વારકા ખાતે ફુલડોલ ઉત્સવ તથા દ્વિતીય પાટોત્સવના કારણે દર્શનના સમયમાં ફેરફાર થશે. વિગતો અનુસાર તા.૧૪મીના શુક્રવારે ફુલડોલ ઉત્સવ બપોરના ૧૧.૩૦ થી ૧૨ વાગ્યા સુધી ઉજવાશે. ઠાકોરજીના ડોલોત્સવના દર્શન થઈ શકશે.

તા.૧૫ ના શનિવારે દ્વિતીય પાટોત્સવ ઉજવાશે જેમાં સવારે ૭.૩૦ કલાકે મંગલા આરતી, આઠ વાગ્યે મોર આરતી, બપોરના ૧૧.૩૦ કલાકે શ્રૃંગાર આરતી, બાર વાગે મધ્યાન્હ આરતી તથા બપોરે ૧ વાગ્યે મીઠાજળ એટલે કે તમામ મંદિરો બંધ થઈ જશે. સાંજે ૪.૩૦ કલાકે ઠાકોરજીના ઉત્થાન તથા રાત્રે ૮ વાગ્યે ઠાકોરજીના શયન થશે.

# આજે દ્વારકા નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની વરણી

(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૪

દેવભૂમી દ્વારકા જીલ્લાના દ્વારકા ન.પા.ના પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી આજરોજ તા.૫ ના પ્રાંત અધિકારીની હાજરીમાં ન.પા.ના સભાખંડમાં યોજાઈ હતી. અત્રે યાદ અપાવીએ કે હાલમાં જ યોજાયેલી દ્વારકા ન.પા.ની ચુંટણીમાં ભાજપ મેદાન મારી ગયુ હતુ.

# જાથા દ્વારા પોલીસ અધિકારી-કર્મચારીઓનું સન્માન



રાજકોટ, તા.૪

વિજ્ઞાન જાથા સમયાંતરે અને યોગ્ય સમયે વિવિધ ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી કરનારાઓનુ સન્માન કરવુ સમાજની નૈતિક ફરજ છે તેના ભાગરૂપે તાજેતરમાં વાંકાનેર તાલુકાના કેરાળા ગામમાં છેલ્લા ૧૦ વર્ષથી દોરા-ધાગા, તાવિજ બનાવી છેતરપિંડી કરનાર ફિરોજ એહમદ કાદરીબાપુના ધતિંગનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે વાંકાનેર સીટી પોલીસની મદદથી ૧૨૬૩ મો સફળ પર્દાફાશ કર્યો હતો. તેમાં શ્રેષ્ઠ કામગીરી કરનારાઓનો સન્માન સમારોહ સફળતાથી સંપન્ન થયો છે.

જાથાના રાજ્ય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ સૌ પ્રથમ સન્માનપત્ર-મોમેન્ટો, શાલ ઓઢાડી વિભાગીય કચેરીના ડીવાયએસપી સમીર સારડાનુ સન્માન કર્યુ હતુ. ઉપસ્થિત સૌએ ઉમળકાથી અભિવાદન કર્યું હતુ.

જાથાએ પર્દાફાશમાં જોડાયેલા અને સુંદર કામગીરી કરનારા પો.ઈન્સ.ડી.વી.ખરાડી, હેડ કોન્સ.મુકેશ ચાવડા, હેડ કોન્સ્ટે.વિરેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ.વનરાજસિંહ ઝાલા, હેડ કોન્સ.બળવંતસિંહ જાડેજા, પો.કોન્સ.દર્શિત વ્યાસ, પો.કોન્સ.ભરત દલસાણીયાને પ્રમાણપત્ર સાથે મોમેન્ટો આપી બહુમાન જાથાના જયંત પંડયાએ કર્યુ હતુ. ડીવાયએસપી સમીર સારડા, કિશોર હાપલીયા જોડાયા હતા.

### વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજીની ઉપસ્થિતિમાં
# આજે પ્રમુખ સ્વામિ ઓડીટોરિયમ ખાતે હોળી-રસીયા કુલફાગ

રાજકોટ, તા.૪

રાજકોટના આંગણે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા પ્રમુખસ્વામી ઓડિટોરિયમમાં કાલે ૫ માર્ચના રાત્રે ૮ કલાકથી વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગોસ્વામી વ્રજકુમારજી મહોદયની મંગલ ઉપસ્થિતિમાં હોલી-રસિયા, ફુલફાગનુ ભવ્યાતિ ભવ્ય આયોજન. વૈષ્ણવ સંપ્રદાય દ્વારા હોલી ખેલના દિવસોમાં ઠાકોરજીને અલૌકિક રીતે ફૂલો દ્વારા ખેલવવાની પરંપરા છે અને વિવિધ શહેરોમાં વીવાયઓ દ્વારા હોલી રસિયાના આયોજન થઈ રહ્યા છે. ત્યારે રાજકોટમાં કાલે તા.૫ ના બુધવારે રાત્રે ૮ કલાકથી પ્રમુખસ્વામી ઓડિટોરીયમ આલાપ ગ્રીનસીટીની સામે, રૈયારોડ ખાતે વીવાયઓ રાજકોટ દ્વારા પૂજ્ય વ્રજરાજકુમારજી મહોદયની મંગલ ઉપસ્થિતમાં ભવ્યાતિ ભવ્ય હોલી રસિયા-ફુલફાગ ઉજવવામાં આવશે. આપ સર્વે શહેરીજનોને ભાવભર્યું આમંત્રણ છે અને વહેલા તે પહેલાના ધોરણે બેઠક વ્યવસ્થા રાખવામાં આવી છે. જેની સર્વ ભાવિકજનોએ નોંધ લેવી. તેમજ પૂજ્ય વ્રજરાજકુમારજી મહોદય દ્વારા શ્રીનાથધામ હવેલી, મોટા મવા ખાતે તા.૬ માર્ચ ગુરૂવારે સવારે ૭.૩૦ થી ૮ કલાક દરમ્યાન હરીનામ સંકીર્તન અને સવારે ૮ કલાકે પૂજ્ય દ્વારા ઠાકોરજી સમક્ષ બ્રહ્મસંબંધ દીક્ષા અને ઠાકોરજી પુષ્ટીકરણ કરવામાં આવશે. ઈચ્છુક વૈષ્ણવોએ - ૯૩૧૬૨૫૩૪૨૩ નંબર પર સંપર્ક કરી બ્રહ્મસબંધ દીક્ષા અને ઠાકોરજી પુષ્ટીકરણ માટે નામ નોંધાવવાનુ રહેશે.

# સૌરાષ્ટ્ર યુનિ.ખાતે આજે આંતરરાષ્ટ્રીય કાર્યશાળા
## ૧૫૦ વિદ્યાર્થીઓ ફીઝીકલ તેમજ ૧૫૦૦ સંશોધકો ઓનલાઈન જોડાશે

રાજકોટ, તા.૪:તા.૫ માર્ચને બુધવારના રોજ કુલપતિ પ્રો.ઉત્પલ જોશીના અધ્યક્ષસ્થાને આંતરરાષ્ટ્રીય વર્કશોપનુ આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપ સાયન્સ કલબ ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકસ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, વિજ્ઞાન ગુર્જરી તથા લેઝર સાયન્સ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડના સંયુકત ઉપક્રમે યોજાશે. આ વર્કશોપ અંતર્ગત માર્કેટ ડેવલોપમેન્ટ સિસ્ટમ ડબ્લ્યુડબ્લ્યુ કોચરન્ટના પ્રોડકટ લાઈન મેનેજર મેકસ ફિશ્ચરના વ્યાખ્યાનનુ આયોજન કરવામાં આવશે.

ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવનિયુક્ત કુલપતિ પ્રો.ઉત્પલ જોશીનું અભિવાદન કરવામાં આવશે. આ વર્કશોપનો મુખ્ય ધ્યેય વિદ્યાર્થીઓ તેમજ સંશોધકોને લેઝરની મદદથી થતી થીન ફિલ્મ પ્રોસેસિંગ ટેકનીક વિશે માહિતગાર કરવાનો છે. આ વર્કશોપના માધ્યમથી વિદ્યાર્થીઓને થીન ફિલ્મ ડિપોઝિશન તેમજ એકઝાઈમર લેઝર વિશે ઈન્ડસ્ટ્રીના દ્રષ્ટિકોણથી માહિતી આપવામાં આવશે. આ વર્કશોપમાં ૧૫૦ વિદ્યાર્થીઓ ફિઝિકલ લાભ લેશે અને ૧૫૦૦ સંશોધકો ઓનલાઈન જોડાશે.આ કાર્યક્રમને સફળ બનાવવા કાર્યક્રમના પેટ્રોન્સ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડો.આર.જી.પરમાર તથા વિજ્ઞાન ગુર્જરી સૌરાષ્ટ્ર-કચ્છ ઝોન કન્વીનર પ્રો.નિકેશ શાહ, કોર્ડીનેટર્સ ડો.પિયુષ સોલંકી અને ડો.ડેવિટ ધ્રુવ તથા ભવનના પ્રાધ્યાપકો પ્રોફેસર કૃણાલ મોદી, પ્રોફેસર તેમજ જે એ ભાલોડીયા, પ્રોફેસર જેઠવા, ડોકટર વાગડીયા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# આઈ.સી.સી. વન-ડે ટ્રોફી ફાઈનલમાં ભારત પહોંચ્યુ

## આજે રમાયેલ સેમીફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયા ૪૯.૩ ઓવરમાં ૨૬૪માં આઉટ થયા બાદ ભારતે વિજય લક્ષ્યાંક ૬ વિકેટે ૨૬૭ રન નોંધાવી હાંસલ કર્યો



### ઓસ્ટ્રેલિયાના સ્મિથ ૭૩ અને કેરીના ૬૧ રન એળે ગયા : ભારત તરફથી કોહલીએ ૮૪, ઐયરે ૪૫, અક્ષર પટેલે ૨૭, હાર્દિક પંડયાએ ૨૮ ત્થા લોકેશ રાહુલે ૪૫ અણનમ રન ફટકાર્યા

રાજકોટ, તા.૪

આઈ.સી.સી. કપ વન-ડે સ્પર્ધાના પ્રથમ સેમીફાઈનલ મેચમાં ભારતે ૪૮.૧ ઓવરમાં ૬ વિકેટ ગુમાવી ૨૬૭ રન નોંધાવતા ઓસ્ટ્રેલિયા ૪૯.૩ ઓવરમાં ૨૬૪ રન નોંધાવી ઓલઆઉટ થયેલ જેને ૪ વિકેટથી પરાજીત કરી સ્પર્ધાના ફાઈનલમાં પહોચનારી પ્રથમ ટીમ બનેલ છે. હવે બીજા ગ્રુપના સેમીફાઈનલમાં વિજેતા બનનાર ટીમ સાથે ભારતની ક્રિકેટ ટીમ વચ્ચે ફાઈનલનો જંગ ખેલાશે. આજે મેચ દરમ્યાન ભારતના આધારસ્તંભ સમાન બેટધર વિરાટ કોહલીએ સૌથી વધુ ૮૪ રન ફટકારી ભારતના વિજયનો પાયો નાખ્યો હતો. આઈ.સી.સી.ટ્રોફીની સ્પર્ધામાં ભારતીય ટીમે તમામ મેચમાં જીત મેળવેલ છે. મેચના અંતે ભારત તરફથી શાનદાર રમતનુ પ્રદર્શન કરી ૮૪ રન ફટકારવા બદલ વિરાટ કોહલીને મેન ઓફ ધી મેચ જાહેર કરવામાં આવેલ.

આઈ.સી.સી. ટ્રોફીના પ્રથમ સેમીફાઈનલ મેચમાં મજબૂત મનાતી ઓસ્ટ્રેલિયાની ટીમે દાવનો પ્રારંભ કરી ૪૯.૩ ઓવરમાં ૨૬૪ રનમાં આઉટ થયેલ. જેમાં સ્ટીવ સ્મિથના ૭૩, એલેક્સ કેરીના ૬૧, ટ્રેવિસ હેડના ૩૯ અને લાબુસેંગના ૨૯ રન મુખ્ય હતા.

ઓસ્ટ્રેલિયાનો પ્રારંભ નબળો થયેલ કુપર કોનાલ્લી ખાતુ ખોલાવ્યા વગર જ આઉટ થયા બાદ હેડ અને સ્મિથ વચ્ચે બીજી વિકેટ માટેની ૫૦ રનની ભાગીદારી નોંધાયા બાદ હેડ આઉટ થયેલ. ત્રીજી વિકેટ માટે સ્મિથ અને લાબુસેંગ વચ્ચે ૫૬ રનની ભાગીદારી થયા બાદ ઓસ્ટ્રેલિયાની ત્રીજી વિકેટનું પતન થયેલ.

ત્રીજી વિકેટના પતન બાદ સમયાંતરે સ્કોરબોર્ડમાં થોડા ફેરફાર બાદ એક પછી એક વિકેટો ગુમાવતા સમગ્ર ટીમ ૫૦ ઓવર પુરી રમી શકી ન હતી ૪૯.૩ ઓવરમાં ઓસ્ટ્રેલિયાની ટીમ ૨૬૪ રને આઉટ થયેલ.

ભારત તરફથી મહંમદ સામીએ ૪૮ રનમાં ઓસ્ટ્રેલિયાની ૩ વિકેટ, વરૂણ ચક્રવર્તિએ ૪૯ રન આપી ૨, રવિન્દ્ર જાડેજાએ ૪૦ રન આપી ૨, હાર્દિક પંડયાએ ૪૦ રનમાં અને અક્ષર પટેલે ૪૦ રન આપી ૧ વિકેટ ઝડપી હતી.

સેમીફાઈનલનો જંગ જીતવા ઓસ્ટ્રેલિયા તરફથી મળેલ ૨૬૫ રનના લક્ષ્યાંક પાર પાડવા સાથે જ સ્પર્ધાના નિર્ણાયક મુકાબલામાં પહોંચવાની તક હોવાથી ભારતીય ટીમે દાવનો પ્રારંભ કરતા ભારતની પ્રથમ વિકેટ ગીલ અંગત ૮ રને ત્થા ત્યાર બાદ બે જીવતદાન મળેલ પણ તેનો ફાયદો ઉઠવવામાં રોહિત શર્મા નિષ્ફળ સાબિત થયેલ રોહિત શર્મા અંગત ૨૮ રન નોંધાવી આઉટ થતા ૪૨ રનના જુમલે ભારતની બે વિકેટનુ પતન થયેલ.

રોહિતની વિકેટ ખડતા મેદાન પર એક તરફ વિરાટ કોહલીને સાથ આપવા શ્રેયસ ઐયર મેદાનમાં આવેલ બન્ને બેટધરોએ સ્કોરના પાટીયાને ધીમેધીમે ફરતુ રાખી ભારતનો ત્થા અંગત જુમલો વધાર્યો ત્યારે શ્રેયસ ઐયર અંગત ૪૫ રન નોંધાવી ટીમના ૧૩૪ ના જુમલે આઉટ થયેલ.

ઐયર બાદ અક્ષર પટેલ-કોહલી સાથે જોડાયેલ અક્ષર પટેલે ૨૭ રન નોંધાવ્યા બાદ ટીમના ૧૭૮ રન હતા ત્યારે તે આઉટ થયેલ અક્ષર બાદ લોકેશ રાહુલ અને વિરાટ કોહલીએ બાજી સંભાળી ટીમને વિજય નજીક લાવેલ ત્યારે ૪૨.૪ ઓવરે વિરાટ કોહલી અંગત ૮૪ રન નોંધાવી ટીમનો જુમલો ૨૨૫ હતો ત્યારે આઉટ થયેલ બાદ રાહુલ સાથે હાર્દિક જોડાયો અને હાર્દિક અંગત ૨૮ રને આઉટ થયો તે પહેલા ટીમને વિજયના દરવાજા સુધી પહોચાડેલ હતી.

હાર્દિક આઉટ થયા બાદ શ્રેયસ ઐયર સાથે જાડેજા જોડાયેલ ભારતના વિજયના લક્ષ્યાંકને આ જોડીએ પાર પાડેલ રમતના અંતે લોકેશ રાહુલ અંગત ૪૨ રને અને જાડેજા ૨ રને અણનમ રહયા હતા.

---

### બંદરોનો પ્રભાવ અભિવ્યક્ત કરતી એક નવી ફિલ્મ

## અદાણી ગ્રૂપે પ્રસ્તુત કરીઃ ''હમ કરકે દિખાતે હે'' ની ગાથામાં વધુ એકનો ઉમેરો

અમદાવાદ તા.૪:

અદાણી સંચાલિત બંદરોની પરિવર્તનશીલ તાકાતને ચલચિત્ર સ્વરુપે અભિવ્યક્ત કરતી એક નવી ફિલ્મ જર્ની ઓફ ડ્રિમ્સ અદાણી ગૃપે પ્રસ્તુત કરીને ''હમ કરકે દિખાતે હે'' ટેગ લાઇન અંતર્ગત તેની સાફલ્ય ગાથાઓમાં વધુ એક ઉમેરો કર્યો હોવાની ઘોષણા કરી છે.

કથાત્મક આધારિત આ ફિલ્મ આજના ભારત અને ભારતીયોના હમ કરકે દીખાતે હે ની ભાવનાને નમન કરે છે. પ્રચંડ નિશ્ચય ક્ષમતા ઉપર પ્રકાશ પાડતી આ ફિલ્મના કેન્દ્રમાં અદાણી સંચાલિત બંદરો નાના અને મોટા બન્ને વ્યવસાયોને વિશ્વ કક્ષાની સુવિધાઓ સાથે વણથંભી કનેક્ટિવિટીની સુવિધાઓ આપીને સમૃદ્ધ થવા સમર્થ અને સક્ષમ કરે છે તેની ગાથા છે.

ભારતના સૌથી મોટા સંકલિત બંદરો અને લોજિસ્ટિક્સ કંપની બની રહેવા સાથે અદાણી પોર્ટ્સ અને સેઝ લિ.એ દેશની માળખાકીય સુવિધાઓનો આધાર છે અને આર્થિક વિકાસને આગળ વધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. વિશ્વભરમાં માલની હેરફેરને અસરકારક રીતે સરળ બનાવતા અદાણીના બંદરો સ્થાનિક અર્થતંત્રમાં સીધો ફાળો આપવા સાથે ઉદ્યોગ સાહસિકોને તેમના સપનાઓ સાકાર કરવા માટે સશક્ત કરે છે

આ ફિલ્મનો ઉઘાડ એક યુવક અને તેની પુત્રીને ક્ષિતિજમાં વહાણમાં જોતા એક હૃદયસ્પર્શી દ્રશ્ય સાથે થાય છે, આ વેળા પુત્રી કુતુહલવશ પૂછે છે, ''જાહાજમેં બડી બડી ચીઝે જાતી હૈ ના, પાપા?'' પિતા જવાબ આપે છે ,''ઇસ્મે બડે બડે સપને ભી જાત હેં,'' શિપિંગ અને લોજિસ્ટિક્સના શક્તિશાળી માધ્યમ મારફત સપનાના વાવેતર માટે મંચ પ્રસ્થાપિત કરે છે.

જેમ જેમ કથા આગળ વધે છે તેમ આ ફિલ્મ સમજાવે છે કે અદાણી સંચાલિત બંદરોની મદદથી કચ્છની ઉન વણાટની પરંપરાગત હસ્તકલા અને હાથ બનાવટના નમદા રમકડાં કેવી રીતે આંતરરાષ્ટ્રીય બજારો શોધે છે, પિતાના સપનાને વાસ્તવિકતામાં પરિવર્તિત કરે છે. પિતાની સફર અસંખ્ય નાના વ્યવસાયિક માલિકોને શક્તિશાળી રીતે રજૂ કરે છે.

---

## મોરબીના સાપર ગામની સીમમાં કન્ટેનર કાર પાછળ અથડાતા કારમાં નુકશાન

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૪:

સાપર ગામની સીમમાં કાર ઉભી હતી ત્યારે કન્ટેનર ચાલકે કારને ઠોકર મારી હતી જે અકસ્માતમાં કારમાં નુકશાન થતા બનાવ મામલે પોલીસે ફરિયાદ નોંધાઈ છે

અમદાવાદ વૈભવપાર્ક સોસાયટીમાં રહેતા ચિંતન જયેશભાઈ રાઠોડ (ઉ.વ.૩૭) વાળાએ ટ્રક કન્ટેનર જીજે ૧૨ બીડબલ્યુ ૮૩૩૦ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ગત તા. ૦૩ માર્ચના રોજ ફરિયાદી ચિંતનભાઈ પોતાની કાર જીજે ૨૭ ઇસી ૫૫૯૨ સાપર ગામની સીમમાં રોડ પર ઉભી રાખી હતી ત્યારે ટ્રક કન્ટેનર ચાલકે કારને પાછળથી ઠોકર મારી અકસ્માત સર્જ્યો હતો જે અકસ્માતમાં કારમાં નુકશાન પહોંચાડ્યું છે મોરબી તાલુકા પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

---

## સિંહ-દીપડાની સંખ્યા વધી પરંતુ મૃત્યુઆંક પણ વધ્યો

### છેલ્લા બે વર્ષમાં ૭૨૧ સાવજ-દીપડાના થયા મોત

ગીર,તા.૪

ગીરનો સાવજ એટલે એશિયાઈ સિંહ ગુજરાત સહિત દેશભરનું ગૌરવ છે. આ સિંહને જોવા વિશ્વભરમાંથી લાખોની સંખ્યામાં પર્યટકો ગીરમાં ફરવા માટે આવે છે. પરંતુ, છેલ્લાં અનેક સમયથી ગેરમાં સિંહને લઈને ગેરપ્રવૃત્તિઓ વધી રહગી છે. પર્યટકોને સિંહ દર્શન કરાવવા માટે ગેરકાયદે લાયન શો યોજવામાં આવી રહ્યો છે. વળી, બાજુ અનેક ગીર સફારીમાં પણ સિંહની પજવણી મુદ્દે હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. ગીરમાં એશિયાઈ સિંહોની સંખ્યા તો વધી છે પરંતુ તેની સામે મોતનો આંકડો પણ ચિંતાજનક રીતે વધ્યો છે. ૨ વર્ષમાં રાજ્યમાં ૨૬૫ સિંહના મોના સમાચાર સામે આવતાં હવે ચર્ચા થઈ રહી છે કે, શું એશિયાઈ સિંહના લુપ્ત થવાનું જોખમ વધ્યું છે?

આ મુદ્દે ધારાસભ્ય શૈલેષ પરમારે વિધાનસભા વિશે પ્રશ્ન પૂછ્યો હતો. જેમાં સરકારે સિંહનો મૃત્યુઆંક વધ્યો હોવાનો સ્વીકાર કર્યો છે.

રાજ્યમાં સિંહ અને બાળસિંહના મૃત્યુમાં ચિંતાજનક વધારો થયો છે. બે વર્ષમાં રાજ્યમાં ૨૬૫ સિંહ અને બાળસિંહના મૃત્યુ થયા છે. ૧૦૨ સિંહ અને ૧૨૬ સિંહબાળના કુદરતી રીતે મોત નિપજ્યા છે. વળી ૪૧ સિંહ અને ૧૪ બાળસિંહના અકુદરતી મૃત્યુ નિપજ્યાં છે. વર્ષ ૨૦૨૩માં ૧૨૧ સિંહ અને સિંહબાળના મોત થયા હતાં. વર્ષ ૨૦૨૪માં ૧૬૫ સિંહ અને બાળસિંહના મોત થયા છે.

---

## દ્વારકા જીલ્લામાં ધાર્મિક સ્થાનો હટાવવા સામે મુખ્યમંત્રીને રજૂઆત



(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૪

દેવભૂમી દ્વારકરા જીલ્લામાં ધાર્મીક સ્થળોને નોટીસ આપતા કીશાન કોંગ્રેસ ચેરમેન પાલાભાઈ આંબલીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે. આ પત્રમાં તેઓએ જણાવ્યા મુજબ જે ધાર્મીક સ્થળોને નોટીસ આપવામાં આવી છે તે પૈકી અમુક તો આઝાદી પહેલાના છે અને આવા ધાર્મીક સ્થળો ભાઈચારા અને આસ્થાનુ પ્રતિક છે. આ સ્થળોએ ધાર્મીક ઉત્સવો પણ ઉજવવામાં આવે છે. નોટીસ આપેલ પૈકી કેટલાક ધાર્મિક સ્થળોમાં સરકારે પોતે ચુંટાયેલા પ્રતિનીધીની ગ્રાન્ટ વાપરવામાં આવી હોય તો તે સ્થળ ગેરકાયદે કઈ રીતે માની શકાય? અને જો ગેરકાયદે હોય તો ત્યાં ગ્રાન્ટ શા માટે વાપરવામાં આવી હતી? ચાલુ વર્ષે પણ દેવભૂમી દ્વારકા જીલ્લામાં ૨૦ કરોડથી વધુ ગ્રાન્ટ આવા ધાર્મીક સ્થળ માટે મંજુર કરવામાં આવી છે. એક તરફ ગ્રાન્ટ આપવામાં આવે અને બીજીબાજુ ગેરકાયદેસર ગણાવવામાં આવે છે ત્યારે સરકારની આવી બેધારી નીતિ શા માટે? તે એક સવાલ છે.

---

## મોચી પ્રીમિયર લીગ ૪: રાજકોટમાં અનોખું આયોજન



રાજકોટ તા.૪:

રાજકોટ ખાતે ઓપન ગુજરાત મોચી સમાજ માટેની .૧, .૨ અને .૩ ની શાનદાર સફળતા બાદ સતત ચોથા વર્ષે .૪ મોચી પ્રીમિયર લીગ ક્રિકેટ સ્પર્ધા નું શિષ્તબધ અને સફળતાપૂર્વક યુવા પ્રતિભા શોધ, ધંધા વિકાસની અમૂલ્ય તકો વિકસાવવા અને મોચી સમાજની સુદ્રઢ એકતાના શુભ ઉદ્દેશ સાથે ''મોચી જ્ઞાતિ સ્પોર્ટ્સ ફેડરેશન-રાજકોટ ના યુવા અને તરવરાટભર્યા આયોજકો સર્વશ્રી મિલનભાઈ વાઘેલા, મયુરભાઈ વાળા, જીગ્નેશભાઈ ચાવડા અને હાર્દિકભાઈ ચૌહાણ તથા નિલેશભાઈ વાઘેલા દ્વારા સમસ્ત મોચી સમાજના સહકાર સાથે તારીખ ૦૭.૦૩.૨૦૨૫ થી ૦૯.૦૩.૨૦૨૫ દરમ્યાન રાજકોટ-પરાપીપડીયા ''કૃષ્ણ ગ્રાઉન્ડ'' ખાતે આયોજન કરવામાં આવેલ છે. કોઈને હરાવવાના ઉદ્દેશથી નહીં પણ બધાને જીતવાના ઉદ્દેશ સાથે શરૂ થઈ રહેલ આ ટુર્નામેન્ટમાં આયોજકો અને ખેલાડીઓને પ્રોત્સાહિત કરી પ્રેરકબળ પૂરું પાડવા .૪ ના સ્પોન્સર્સ, દાતાશ્રીઓ, મહેમાનો સહિત બહોળી સંખ્યામાં રમતપ્રેમી મોચી સમાજને ઉપસ્થિત રહેવા હૃદયપૂર્વક નિમંત્રણ છે. વન ડે વર્લ્ડ કપ ની થીમ મુજબની .૪ માં સમગ્ર ગુજરાતમાંથી કુલ ૧૨ ટીમ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ખેલદિલી ભરી શાનદાર રમતનું પ્રદર્શન કરવા થનગની રહી છે. ખૂબ જ અદ્યતન આયોજન સાથે રમાતી આ લીગમાં બહારગામના ખેલાડીઓ માટે રહેવા જમવાની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે. .૪ માં લાઈવ, ડીઆરએસની સગવડતા, પ્રોફેશનલ અમ્પાયર્સ, ડિજિટલ સ્કોરિંગ સાથે નેટ રન રેટ અને પોઇન્ટ ટેબલ ની વ્યવસ્થા, મેદાનની ચારે તરફ સ્પોન્સર અને દાતાશ્રીના બેનર, જાહેરાતો અને અત્યંત કર્ણપ્રિય લાઈવ કોમેન્ટ્રી, મેદાન પર પ્રેક્ષકો માટે ટેન્ટ, ખેલાડીઓ માટેના ડગ આઉટ એરિયા, કોમેન્ટ્રી બોક્સ, સન્માન- સેલ્ફી-ફોટો પોઇન્ટ, આમંત્રિતો માટે અલગ બેઠક વગેરેની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે. વિજેતા તથા ઉપવિજેતા ટીમોને વિનિંગ ટ્રોફી, રનર્સ ટ્રોફી, મેન ઓફ ધી મેચ, બેસ્ટ બોલર, બેસ્ટ બેટ્સમેન અને મેન ઓફ ધી સીરીઝ સહિત ઘણા આકર્ષક ઇનામોથી પ્રોત્સાહિત કરવામાં આવશે.

---

## કૉંગ્રેસ અધિવેશનને લઈ ગુજરાતમાં તડામાર તૈયારી શરૂ

અમદાવાદ,તા.૪

ગુજરાતમાં ૬૪ વર્ષ બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન થવા જઈ રહ્યું છે. આ પહેલાં છેક ૧૯૬૧માં ભાવનગરમાં કોંગ્રેસનું અધિવેશન યોજાયું હતું. તારીખ ૮-૯ એપ્રિલ ૨૦૨૫ના દિવસ AICC અધિવેશનનું સ્થળ નક્કી કરવા માટે સંગઠન મહાસચિવ કે.સી વેણુગોપાલ અમદાવાદ પહોંચ્યા હતાં. ત્યારબાદ મંગળવારે (૪ માર્ચ) બપોરે ત્રણ વાગ્યે ગુજરાત કોંગ્રેસ કાર્યાલય ખાતે બેઠક યોજી હતી. આ બેઠકમાં ગુજરાતમાં યોજાનારા ૬૪માં અધિવેનશને લઈને નેતાઓને વિવિધ જવાબદારી સોંપવા અંગે ચર્ચા-વિચારણા કરાઈ હતી.કે.સી વેણુગોપાલે આ વિશે જણાવ્યું કે, હું રાષ્ટ્રીય અધિવેશનના સ્થળની પસંદગી માટે ગુજરાત આવ્યો છું. અમે ગુજરાતના ગાંધીજી-સરદારના વારસાને લઈને આગળ વધી રહ્યાં છીએ. હાલ, ગુજરાતમાં કોંગ્રેસ માટે અનેક પડકારો છે, જેનો અમે સ્વીકાર કરીએ છીએ. પડકારોને ઝીલીને કોંગ્રેસ ગુજરાત પર ફોકસ કરશે. નોંધનીય છે કે, AICC અધિવેશનમાં દેશભરના AICC પ્રતિનિધિઓ એકત્રિત થશે. જેમાં બંધારણ તેમજ તેના મૂલ્યો પર થતાં સતત હુમલાઓ અને ભાજપની જનવિરોધી નીતિઓ અંગે ચર્ચા થશે તેમજ પાર્ટીની આગામી કામગીરી અંગે માર્ગદર્શન નક્કી કરવામાં આવશે. કોંગ્રેસ ૩૦ વષથી



ગુજરાતમાં છેલ્લાં ૩૦ વષથી હારનો સામનો કરી રહી છે. હાલમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ કોંગ્રસને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. હવે કોંગ્રેસ મિશન-૨૦૨૭ હેઠળ અત્યારથી તૈયારીમાં લાગી ગઈ છે. ૮ એપ્રિલે વિસ્તૃત કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેકઠક સાથે અધિવેશન શરૂ થશે. ત્યારબાદ ૯ એપ્રિલના દિવસે AICC પ્રતિનિધિઓની બેઠક યોજાશે. આ બંને બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે અધ્યક્ષતા કરશે તેમજ સંસદીય પક્ષની અધ્યક્ષ સોનિયા ગાંધીજી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ શાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રીઓ, રાષ્ટ્રીય પદાધિકારીઓ, વરિષ્ઠ નેતાઓ અને અન્ય AICC પ્રતિનિધિઓ હાજર રહેશે. આ AICC અધિવેશન બેલગાવીમાં યોજાયેલી વિસ્તૃત CWC બેઠક (નવા સત્યાગ્રહ બેઠક)માં અપાયેલ ઠરાવની ચાલુ પ્રક્રિયા તરીકે યોજાઈ રહ્યું છે, જે ૧૯૨૪માં મહાત્મા ગાંધી દ્વારા અધ્યક્ષપદ સંભાળવામાં આવેલા કોંગ્રેસ અધિવેશનની ૧૦૦મી વષર્ગાંઠની યાદમાં યોજાઈ હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું ગૃહરાજ્ય ગુજરાત છે. જેથી ગુજરાતની દરેક ચૂંટણી ભાજપ માટે ખૂબ જ મહત્ત્વની હોય છે. આવી સ્થિતિમાં જો કોંગ્રેસે પોતાની સ્થિતિ મજબૂત કરવી હોય તો તેને ગુજરાતમાં ભાજપને નબળું પાડવું પડશે. જો ગુજરાતમાં ભાજપની હાર થાય તો કોંગ્રેસની દેશમાં પકડ મજબૂત થઈ શકવાની સંભાવના છે. તેથી હાલ, કોંગ્રેસ માટે ૨૦૨૭માં ગુજરાતમાં જીત મહત્ત્વની છે. નોંધનીય છે કે, કોંગ્રેસ ૧૯૯૫ થી ૨૦૨૨ સુધી ગુજરાતની તમામ વિધાનસભા ચૂંટણીમાં હારી ગઈ છે. આ સિવાય લોકસભા ચૂંટણીમાં તો ૨૦૧૪ અને ૨૦૧૯માં કોંગ્રેસ પોતાનું ખાતું પણ ખોલાવી નથી શકી. ૨૦૨૪ ની ચૂંટણીમાં બનાસકાંઠાની બેઠકથી ગેનીબેને કોંગ્રેસનું નાક રાખી લોકસભામાં ગુજરાતમાંથી એક બેઠકમાં જીત મેળવી. પરંતુ, સામે ગેનીબેનની વાવ વિધાનસભાની વાવ બેઠક પર પેટાચૂંટણીમાં કોંગ્રેસને ફરીથી હારનો સામનો કરવો પડ્યો હતો. જેથી વિધાનસભામાં જે ગણતરીની બેઠક હતી, તેમાં પણ ઘટાડો થઈ ગયો.

---

## કચ્છમાં કાલે સેવાકાર્યો સાથે સાંસદ વિનોદ ચાવડાનો જન્મદિવસ ઉજવાશે



રાજકોટ, તા.૪

કર્તવ્યપથ પર વધુ જોમ અને જુસ્સા સાથે અગ્રેસર થવા માટેનો સંકલ્પ દિવસ એટલે જન્મદિવસ કચ્છના યુવા જાગૃત ઉર્જાવાન સાંસદ વિનોદભાઈ ચાવડા ૪૬ વર્ષ પૂર્ણ કરી ૪૭ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા કચ્છભરમાં તેમના જન્મ દિનની ઉજવણી સેવા એજ સંગઠનના ભાવ સાથે તેમના શુભેચ્છકો, સ્નેહીઓ, તેમના જ સંચાલીત સંસ્થા સમાજ નવનિર્માણ ટ્રસ્ટ-ભુજ, લોકસભા પરિવાર, જીલ્લા ભાજપા દ્વારા વિવિધ સેવાકાર્યોનુ આયોજન કરવામાં આવેલ છે.

કચ્છ મોરબીમાં સમાજ નવનિર્માણ ટ્રસ્ટ, લોકસભા પરિવાર, શુભેચ્છકો, સ્નેહીઓ દ્વારા વૃક્ષારોપણ, બ્લડ ડોનેશન કેમ્પ, દિવ્યાંગને સાધન સહાય, અતિ કૂપોષીતને સુપોષિત કીટ વિતરણ ગાયોને નીરણ, હોસ્પિટલોમાં ફ્રુટ વિતરણ, બાળકોને શિક્ષણ કીટો, રાશન કીટ વિતરણ, વિકલાંગ શાળામાં ૧૫૦ થી વધુ દીકરીઓ દ્વારા કેક કટીંગ દ્વારા વિવિધ છાત્રાલયોમાં ભોજન, સેવા અને સમર્પણ-લોકાર્પણના વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરી સાંસદના સ્વાસ્થ્ય માટે શુભકામના કરવામાં આવશે.

---

## પાકિસ્તાન ક્રિકેટમાં ભૂકંપઃ મોહમ્મદ રિઝવાને કેપ્ટનશીપ ગુમાવી, બાબર આઝમ પણ ટીમમાંથી બહાર

ઈસ્લામાબાદ,તા.૪

પોતાની યજમાની હેઠળ રમાઈ રહેલી ચેમ્પિયન્સ ટ્રોફીમાં કારમી હાર બાદ પાકિસ્તાન ક્રિકેટમાં ઉથલપાથલ જોવા મળી રહી છે. આ ટુર્નામેન્ટમાં પાકિસ્તાનનો ખેલ પૂરો થઈ ગયો છે, પરંતુ હવે ટીમ તેની આગામી શ્રેણીની તૈયારીમાં વ્યસ્ત છે. ચેમ્પિયન્સ ટ્રોફીના નવા ચેમ્પિયનની જાહેરાત થાય તે પહેલાં, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે નવી શ્રેણી માટે ટીમની જાહેરાત કરી દીધી છે. આ દરમિયાન, મોહમ્મદ રિઝવાન પાસેથી ટી ૨૦ શ્રેણીની કેપ્ટનશીપ છીનવી લેવામાં આવી છે અને બાબર આઝમને પણ ટીમમાંથી બહારનો રસ્તો બતાવી દેવામાં આવ્યો છે. જોકે, રિઝવાન ચોક્કસપણે વનડેમાં કેપ્ટન છે.ચેમ્પિયન્સ ટ્રોફી પછી તરત જ પાકિસ્તાની ટીમ ન્યુઝીલેન્ડના પ્રવાસે જવાની છે. પહેલા પાંચ ટી૨૦ મેચની શ્રેણી રમાશે, ત્યારબાદ ત્રણ વનડે મેચની શ્રેણી રમાશે. હવે પીસીબીએ ટી ૨૦ આંતરરાષ્ટ્રીયમાં નવા કેપ્ટનની નિમણૂક કરી છે. આ વખતે આ જવાબદારી સલમાન અલી આગાને સોંપવામાં આવી છે. દરમિયાન, શાદાબ ખાન ટીમમાં પાછો ફર્યો છે અને તેને ઉપ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે. બાબર આઝમનું નામ આ ટીમમાં નથી. પીસીબી દ્વારા ઘણા નવા ખેલાડીઓને તક આપવામાં આવી છે. એવું માનવામાં આવે છે કે આ શ્રેણી સાથે, પાકિસ્તાન આવતા વર્ષે યોજાનાર્ ૨૦ વર્લ્ડ કપની તૈયારી કરવા જઈ રહ્યું છે. હવે એ કહેવું મુશ્કેલ છે કે મોહમ્મદ રિઝવાન અને બાબર આઝમને ટી૨૦ શ્રેણીમાંથી આરામ આપવામાં આવ્યો છે કે તેમને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે.

---

## સોમનાથમાં મહાશિવરાત્રી પર્વે સુરક્ષા કર્મીઓની સરાહનિય કામગીરી

(ભાસ્કર વૈદ્ય દ્વારા)પ્રભાસ-પાટણ, તા.૪

ગીરસોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ આ વર્ષે મહાશિવરાત્રીમાં કરેલા અભિનવ પ્રયોગથી ભારે ભીડ હોવા છતા દિવ્યાંગ, સહાયકો વગરના દિવ્યાંગો-સીનીયર અશકત સીટીઝનો મહાશિવરાત્રી પાવન પર્વે સરળતાથી દર્શન કરી શકે તે માટે ખડેપગે સતત ૪૨ કલાક પોલીસ ટીમ રાખી હતી.જેમાં દર્શનાર્થી લાઈનમાં ઉભેલા એવા દિવ્યાંગો-અશકત વૃધ્ધો અલગ તારવી તેઓને દર્શનમાં તકલીફ ન પડે તે માટે પોલીસજનો તેના પરિવારજનો ભાગ બની વ્યવસ્થિત રીતે સોમનાથ મહાદેવના દર્શન કરાવ્યા હતા.જેમાં સોમનાથ મંદિર સુરક્ષા નાયબ પોલીસ અધિક્ષક સી.સી.ખટાણા, પોલીસ ઈન્સ્પેકટર ઉદય રાવલ અને એ.વી.પટેલ સહિત સમગ્ર સ્ટાફ કાર્યરત રહ્યો હતો.

---

### સરકારે નોંધણી નિયમોમાં પણ કેટલાક ફેરફારો કર્યા

## જન્મ-મરણનું પ્રમાણપત્ર કઢાવવું હવે પડશે મોંઘુ!

અમદાવાદ,તા.૪

એક તરફ લોકો પર આર્થિક બોજ વધી રહ્યો છે. મોંઘવારીને કારણે લોકો જાણી શકતા નથી કે કઈ વસ્તુઓ મોંઘી થઈ રહી છે. હવે ગુજરાતમાં જન્મ અને મૃત્યુ પ્રમાણપત્ર મેળવવું મોંઘુ બનશે. કારણ કે, સરકારે જન્મ અને મૃત્યુ નોંધણી ફીમાં ૧૦ ટકાનો મોટો વધારો લાગુ કર્યો છે. ૨૭ ફેબ્રુઆરીથી જન્મ-મરણની નોંધણીમાં ફી વધારી દેવાનો નિર્ણય અમલમાં આવ્યો છે.મરણનું પ્રમાણપત્ર બનાવવાની ફી ૫ રૂપિયાથી વધારીને ૨૦ રૂપિયા કરવામાં આવી છે. જ્યારે જન્મ પ્રમાણપત્ર માટે, જે પહેલા ૧૦ રૂપિયા હતું તેના હવે ૫૦ રૂપિયા ચૂકવવા પડશે.પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત સરકારે જરૂરી જન્મ અને મૃત્યુ પ્રમાણપત્ર બનાવવાની ફીમાં વધારો કર્યો છે. આ ફીમાં વધારો ૧૦ ટકા સુધીનો છે. પહેલા મૃત્યુ પ્રમાણપત્ર બનાવવાની ફી માત્ર ૫ રૂપિયા હતી. જે સીધો વધારીને ૨૦ રૂપિયા કરવામાં આવ્યો છે. એટલે કે, જન્મ પ્રમાણપત્ર મેળવવા માટે જે પહેલા ૧૦ રૂપિયાનો ખર્ચ થતો હતો, હવે ૫૦ રૂપિયા ચૂકવવા પડશે.આ ઉપરાંત, સરકારે નોંધણી નિયમોમાં પણ કેટલાક ફેરફારો કર્યા છે. જો કોઈ વ્યક્તિ ૩૦ દિવસની સમય મયાર્દા પછી જન્મ કે મૃત્યુ નોંધણી કરાવે છે, તો તેણે હવે લેટ ફી ચૂકવવી પડશે. પહેલા આ લેટ ફી માત્ર ૧૦ રૂપિયા હતી, જેને વધારીને ૫૦ રૂપિયા કરવામાં આવી છે. એટલું જ નહીં, જો નોંધણીમાં એક વષથી વધુ સમય માટે વિલંબ થાય છે, તો ૧૦૦ રૂપિયા ફી ચૂકવવી પડશે. આટલા વિલંબ સાથે નોંધણી કરાવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટની પરવાનગી લેવી પણ ફરજિયાત રહેશે.

---

## અવસાન નોંધઃ

રાજકોટ: ચા. મ. મોઢ બ્રાહ્મણ મૂળ ગામ કોટડા નાયાણી હાલ રાજકોટ સ્વ. ભગવાનજીભાઈ મણિશંકર પંડ્યા ના ધર્મપત્ની પ્રભાબેન ભગવાનજીભાઈ પંડ્યા ઉંમર વર્ષ ૮૫ જેઓ ગીતાબેન પંડ્યા તેમજ કિરીટભાઈ તેમજ સ્વ મનોજભાઈ તેમજ મુકેશભાઇ તેમજ સ્વ હસમુખભાઈ તેમજ જીતેશભાઈ ના માતૃશ્રી તેમજ રફાળેશ્વર બાલાશંકર ચુનીલાલ જોશી સ્વ કાંતિલાલ સી. જોશી ના બેન નું દુઃખદ અવસાન થયેલ છે તેમનું બેસણું તારીખ ૬-૩-૨૦૨૫ ગુરુવાર ના સાંજે ૪ થી ૬ મધુવન એપાર્ટમેન્ટ, બજરંગવાડી સર્કલ પાસે શેરી ન.૧૩ ના ખૂણે રાખેલ છે સંપર્ક કિરીટભાઈ ભગવાનજી ભાઈ પંડ્યા મોં. નં. ૯૯૨૪૪૩૦૩૪૮.ગીતાબેન ભગવાનજીભાઈ પંડ્યા. મોં. ન. ૯૮૭૦૦૬૧૨૦૪.

# રાજકોટઃ લાંચના ગુનામાં માર્ગ મકાન વિભાગના કલાર્કના જામીન રદ

રાજકોટ તા.૪:

માર્ગ મકાન વિભાગમાંથી પ્રાધ્યાપકને કવાર્ટર ઉપલબ્ધ ન હોવાનું પ્રમાણપત્ર આપવા બદલ રૂ.૫,૦૦૦ની લાંચ લેતા ઝડપાયેલા અને જેલ હવાલે રહેલા કલાર્ક રવિ મજેઠીયાની ચાર્જશીટ બાદની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે.આ કેસની હકીકત મુજબ કચ્છ ખાતે પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા ફરીયાદીની વાંકાનેર ખાતે ટ્રાન્સફર થતા તેઓએ કવાર્ટર ફાળવવા માટે માર્ગ મકાન વિભાગમાં અરજી કરી હતી. સરકારી નિયમ મુજબ રહેણાંક માટેનુ કવાર્ટર ઉપલબ્ધ ન હોય તો સરકારી અધિકારીને ઘર ભાડા ભથ્થુ મળવાપાત્ર હોય છે. આ મુજબ સરકારી કવાર્ટર ઉપલબ્ધ ન હોવાનું પ્રમાણપત્ર રજુ થવું જરૂરી છે. પ્રાધ્યાપકે છ માસ પહેલા અરજી કરેલ હતી. જે અંગે માર્ગ મકાન વિભાગ તરફથી કવાર્ટર ફાળવવામાં આવેલ નહોતું. આવુ કવાર્ટર ઉપલબ્ધ ન હોવાનું પ્રમાણપત્ર પણ આપવામાં આવેલ નહોતું. ફરીયાદી પ્રોફેસરે રાજકોટ ખાતે માર્ગ મકાન વિભાગમાં કલાર્ક રવિ મજેઠીયાનો સંપર્ક કરતા તેણે આવું પ્રમાણપત્ર આપવા બદલ રૂ.૫,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી. પ્રાધ્યાપકે એ.સી.બી. પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતા છટકામાં આરોપી રવિ મજેઠીયા રૂ.૫,૦૦૦ ની લાંચ સ્વીકારતા ઝડપાઈ ગયો હતો. જેલ હવાલે રહેલા આરોપી કલાર્ક રવિ મજેઠીયાએ ચાર્જશીટ બાદ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે અરજી ચાલવા ઉપર આવતા, આરોપી સામેના ગુનામાં મહત્તમ સજા ૭ વર્ષની છે તેથી સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ મુજબ આરોપીને જામીન મળવા જોઈએ. સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એસ.કે. વોરાએ રજુઆત કરતા જણાવેલ કે, આ કેસમાં આરોપી રવિ મજેઠીયા જ્યારે રકમ સ્વીકારતા ઝડપાઈ ગયેલ હોય ત્યારે આ રકમ કયા વ્યવહાર પેટે તેણે ફરીયાદી પાસેથી સ્વીકારેલ છે તે અંગે કોઈ જ ચોખવટ નથી. બચાવ પક્ષે લાંચની માંગણી અંગે રેકોર્ડ થયેલ વાર્તાલાપમાં ફકત અસ્પષ્ટતાનો જ બચાવ ઉઠાવેલ છે.

# જામનગરના સિક્કામાં શ્રમિકનો પુત્રીની સગાઈ અને લગ્નની ચિંતામાં આપઘાત

(નયના દવે દ્વારા)

જામનગર તા.૪:

જામનગર તાલુકાના સિક્કામાં આર્થિક સંકડામણ ના કારણે કરુણ બનાવ બન્યો છે. પોતાની પુત્રી ની સગાઈ અને લગ્નના પૈસાના ટેન્શનમાં તેમજ આર્થિક સંકળામણના કારણે આત્મહત્યા કરી લીધી છે.આથી ભારે ચકચાર જાગી છે. આ બનાવની વિગત એવી છે કે મૂળ બિહાર રાજ્યના વતની અને હાલ જામનગર તાલુકાના સિક્કામાં શ્રીજી સોસાયટીમાં રહીને મજૂરી કામ કરતા ઓમનાથસિંગ બિરાસિંગ રાજપૂત ઉ.વ.૪૫ એ આજે સવારે એક ઝાડમાં લટકીને ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી. જે બનાવ અંગે મૃતકના નાનાભાઈ સુરેશસિંગ રાજપૂતે પોલીસને જાણ કરતાં સિક્કા પોલીસે બનાવના સ્થળે પહોંચી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો હતો, અને પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક સોમનાથસિંગની મોટી પુત્રી નિધિ કુમારી ઉંમર ૨૦ કે જેની નજીકના દિવસોમાં સગાઈ હતી, અને લગ્ન પણ લેવાના હતા. પરંતુ તેના માટેના પૈસાની વ્યવસ્થા થઈ શકે તેમ ન હોવાથી આર્થિક ટેન્શનના કારણે તેઓએ આત્મહત્યાનું પગલું ભરી લીધાનું પોલીસ સમક્ષ જાહેર થયું છે. આ બનાવને લઈને મૃતકના પરિવારમાં ભારે ગમગીની છવાઈ છે

# સ્વામી નારાયણ સંપ્રદાયે સ્વામી વિરૂદ્ધ પગલા લેવા માટે પ્રયાસો કરવા જોઈએઃ પુરસોત્તમ રૂપાલા



રાજકોટ,તા.૪

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના ફરી એક અન્ય સ્વામીએ બફાટ કરતાં વિવાદ ઊભો થયો છે. વડતાલના સ્વામી જ્ઞાનપ્રકાશ સુરતના અમરોલી ખાતે એક સત્સંગ દરમિયાન જલારામ બાપા વિશે વિવાદાસ્પદ ટિપ્પણીના કારણે વિવાદ વકર્યો છે. વિવાદિત નિવેદનના કારણે રઘુવંશી સમાજના લોકો ઉગ્ર પ્રતિક્રિયા સાથે રોષ વ્યક્ત કરી રહ્યા છે. નોંધનીય છે કે, વિવાદ વકરતા જ્ઞાનપ્રકાશ સ્વામીએ માફી માંગીને વિવાદિત વીડિયો ડિલીટ પણ કરી દીધો છે. જોકે, હજુ સુધી વિવાદ શાંત થવાનું નામ નથી લઈ રહ્યો. જ્ઞાનપ્રકાશ સ્વામીના નિવેદનના વિરોધમાં આજે વીરપુર સજ્જડ બંધ રહ્યું હતું. ત્યારે આ મુદ્દે હવે રાજકીય નિવેદન પણ સામે આવ્યાં છે. જલારામ બાપાને લઈને વિવાદિત નિવેદન મુદ્દે સાંસદ પુરસોત્તમ રૂપાલાનું નિવેદન સામે આવ્યું છે. જેમાં તેમણે જ્ઞાનપ્રકાશ સ્વામી સામે કાયર્વાહીની માંગ કરી છે.

જલારામ બાપાને લઈને જ્ઞાનપ્રકાશ સ્વામીના વિવાદિત નિવેદનને વિશે સાંસદ પરસોત્તમ રૂપાલાએ કહ્યું કે, 'જલારામ બાપાનું મંદિર, જ્યાં શ્રદ્ધાળુઓનો પૈસો નથી સ્વીકારવામાં આવતો, જે આ સમયમાં અત્યંત દુર્લભ છે. જ્યાં માણસોને ઊભા રાખ્યા છે કે, જો કોઈ શ્રદ્ધા પ્રમાણે ખિસ્સામાંથી રૂપિયો પણ નાંખે તો તે પૈસા ન નાંખવા પગાર આપીને માણસ રખાતા હોય. આવી જગ્યા સામે બોલતા પહેલાં અરીસામાં જોવું જોઈએ. આ સ્વામીની કોઈ હેસિયત નથી કે, જલારામ બાપા વિશે તે કોમેન્ટ કરી શકે. હું આ સ્વામીની ઘોર નિંદા કરૂ છું. આ સિવાય હું અપીલ કરૂ છું કે, સ્વામી નારાયણ સંપ્રદાયના અનુયાયીઓ અને શ્રદ્ધાળુઓએ આવા સ્વામી વિરૂદ્ધમાં પગલાં લેવા માટેના પ્રયાસો કરવા જોઈએ.'

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાય સાથે સંકળાયેલા જ્ઞાનપ્રકાશ સ્વામી સુરતના અમરોલીમાં સત્સંગમાં હાજરી આપવા પહોંચ્યા હતાં. જ્યાં તેમણે કહ્યું કે, 'જલારામ બાપાનો ઈતિહાસ ગુણાતિત સ્વામી સાથે જોડાયેલો છે. ગુણાતિત સ્વામીએ જલા ભગતને આશિર્વાદ આપ્યા હતાં. જલારામ બાપાએ સદાવ્રત માટે ગુણાતિત સ્વામી પાસે આશિર્વાદ માંગ્યા હતાં કે, સ્વામી મારૂ એક માત્ર લક્ષ્ય છે કે, અહીં કાયમ માટે સદાવ્રત ચાલે અને જે કોઈ અહીં આવે તેમને પ્રસાદ મળે. જલા ભગતે ગુણાતિત સ્વામીને બાટી અને દાળ જમાડ્યાં. બાદમાં સ્વામીએ જલા ભગતને આશિર્વાદ આપ્યાં કે, તમારો ભંડાર કાયમ ભર્યો રહેશે.'

# રાજકોટમાં તરખાટ મચાવનાર સમડી બેલડી ઝડપાઇ, આઠ ચિલઝડપનો ભેદ ઉકેલાયો

## સોનાના દાગીના, વાહન, મોબાઈલ સહીત કુલ રૂ. ૪.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી ક્રાઈમ બ્રાન્ચ

રાજકોટ તા.૪:

શહેરમાં છેલ્લા એક માસથી ચીલઝડપના બનાવો છાસવારે સામે આવી રહ્યા હતા ત્યારે શહેરમાં બનેલી કુલ આઠ ચિલઝડપની ઘટનાને અંજામ આપનાર સમડી સુનિલ ઉર્ફે આર્યા અને જીતેશ ઉર્ફે જીનીને રાજકોટ ક્રાઇમ બ્રાન્ચે ઝડપી લઇ સોનાના દાગીના, વાહન, મોબાઈલ ફોન સહીત કુલ રૂ. ૪.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પ્રાપ્ત વિગત અનુસાર શહેરમાં છેલ્લા એક માસના સમયગાળાના ચીલઝડપની પાંચથી વધુ ઘટનાઓ અલગ અલગ પોલીસના ચોપડે નોંધાઈ હતી. જે પૈકી બે ચીલઝડપ તાલુકા પોલીસ મથક વિસ્તારમાં જયારે ત્રણ યુનિવર્સીટી પોલીસ મથક વિસ્તારમાં નોંધાઈ હતી.

ક્રાઇમ બ્રાન્ચે સુનિલ ઉર્ફે આર્યા ભાવેશભાઈ શિયાળ(ઉ.વ.૨૧ રહે લોહાનગર રામાપીરના મંદિર પાસે, ગોંડલ રોડ, રાજકોટ) અને જીતેશ ઉર્ફે જીની નરેશભાઈ દુધરેજીયા(ઉ.વ.૧૯ રહે લોહાનગર, ગોંડલ રોડ, રાજકોટ)ની ધરપકડ કરી એક સોનાની માળા, ત્રણ સોનાના ચેઇન, એક સોનાના ચેઇનની ટુકડો, એક હીરો સ્પલેન્ડર પ્લસ વાહન અને મોબાઈલ મળી કુલ રૂ. ૪,૫૨,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. આરોપીઓએ છેલ્લા એક માસમાં કુલ આઠ ચિલઝડપ કર્યાની પ્રાથમિક કબૂલાત આપી છે. જે પૈકી તાલુકા પોલીસ મથક હેઠળના વિસ્તાર સ્પીડવેલ ચોક નજીક નિવૃત શિક્ષિકાના ગળામાંથી સોનાનો હાર જયારે વૃદ્ધાના ગળામાંથી સોનાનો ચેઇન ઉઠાવી ગયાં હતા. જયારે યુનિવર્સીટી પોલીસ મથક હેઠળના વિસ્તારમાં યુવતીના ગળામાંથી ચેઇન, વૃદ્ધાના ગળામાંથી ગોપાલ ચોક નજીકથી સોનાનો ચેઇન ઝુંટવી ગયાની કબૂલાત આપી હતી. ઉપરાંત બેલડીએ એ ડિવિઝન પોલીસ તાબાના રામકૃષ્ણનગર નજીક એક્ટિવા ચાલક મહિલાના ગળામાંથી સોનાનો ચેઇન, ગાંધીગ્રામ પોલીસ તાબાના હનુમાનમઢી ચોક નજીકથી ૨૦ દિવસ પીર્વે વૃદ્ધાના ગળામાંથી સોનાનો ચેઇન જયારે આમ્રપાલી અંડરબ્રિજ નજીકથી વૃદ્ધાના ગળામાંથી સોનાના ચેઇનની ચિલઝડપ કરી લીધાની કબૂલાત આપી છે. આઠ બનાવ પૈકી પાંચમા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. સુનિલ ઉર્ફે આર્યા વિરુદ્ધ હત્યાની કોશિશ, ચોરી, લૂંટ હિતના ગુના રાજકોટ અને જામનગરમાં નોંધાઈ ચુક્યા છે જયારે આર્યા અગાઉ પાસા પણ કાપી ચુક્યો છે. અન્ય આરોપી જીની વિરુદ્ધ વર્ષ ૨૦૨૩માં ભક્તિનગર પોલીસમાં ઘરફોડ ચોરીનો ગુનો નોંધાઈ ચુક્યો છે.

સમડી ગેંગ સામે સંગઠિત અપરાધની કલમનો ઉમેરો કરવા તજવીજ

સમડી ગેંગના બે સભ્યોની ધરપકડ કરવામાં આવી છે. આ બંને શખ્સોં સાથે મળીને જ ચીલઝડપને અંજામ આપતાં હતા પરંતુ ચીલઝડપ મારફત મેળવેલ મુદ્દામાલ સગેવગે કરવામાં હજુ અમુક શખ્સોની ભૂમિકા ખુલવા પામી હોય હવે પોલીસે બીએનએસ એક્ટની કલમ ૧૧૧ એટલે કે સંગઠિત અપરાધની કલમનો ઉમેરી કરવા તજવીજ હાથ ધરી છે.

# રાજકોટઃ દુષ્કર્મના કેસમાં આરોપીને આજીવન કેદ

રાજકોટ તા.૪:

૧૫ વર્ષની તરૂણીને ધમકાવી તેના પર દુષ્કર્મ આચરવાના ગુનામાં દૂધ સાગર રોડ પર શ્યામનગર શેરી નંબર ૩ પાસે રહેતા આરોપી વિજય ઘુસાભાઇ ડાંગરને સ્પેશિયલ પોકસો કોર્ટે આજીવન કેદની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે.

કેસની વિગત મુજબ, રાજકોટમાં આરોપીના જ ઘર પાસે રહેતી ૧૫ વર્ષની બાળકીએ તેની માતાને ફોન કરી ઘરે આવવા જણાવ્યું હતું બાદમાં તેણે માતાને કહ્યું હતુ કે, લતામાં રહેતો વિજય ઘુસાભાઈ ડાંગર આજથી આશરે છ એક મહિના પહેલા તમે કોઈ ઘરે ન હતા ત્યારે મને એક ચિઠ્ઠી આપેલ અને ફોન કરવાનું કહેલ અને જો ફોન ન કરું તો મને બદનામ કરી નાખશે તેવી ધમકી આપેલ અને ત્યારબાદ એક દિવસ બપોરે અચાનક આ વિજય ડાંગર આપણા ઘરે આવેલ અને મને પકડી ઘરના ઉપરના રૂમમાં લઈ ગયેલ અને મારા ઉપર દુષ્કર્મ આચર્યું હતું. જો આ વાત હું કોઈને કરીશ તો મને તથા મારા પરિવારને બદનામ કરીને મારી નાખશે તેવી ધમકી આપી હતી. ત્યારબાદ ફરીથી ઘરે કોઈ ન હોય ત્યારે આ વિજય ડાંગર વારંવાર ઘરે આવતો અને મારી સાથે બળજબરીથી દુષ્કર્મ કરતો હતો. જે અંગે થોરળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવવામાં આવતા પોલીસે આરોપીની ધરપકડ કરી તેના વિરૂધ્ધ ચાર્જશીટ કર્યું હતું. આ કેસ ચાલવા પર આવતા આરોપી તરફે બચાવ લેવામાં આવેલ હતો કે ફરિયાદી એ જે ફરિયાદ આપેલ તે મોડી આપેલ છે અને મોડી ફરિયાદ કેવા કારણોથી મોડી આપેલ તેનું કારણ તેની ફરિયાદમાં જણાવેલ નથી. જયારે સરકાર તરફે એવી રજૂઆત કરેલ કે મોડી ફરિયાદ કરવાથી ખોટી ફરિયાદ છે તેમ માની ન શકાય. આરોપીએ જયારે ૧૫વર્ષની તરૂણીને બદનામ કરી પરિવારને જાનથી મારવાની ધમકી આપેલ હોય તેવા કારણેથી મોડી ફરિયાદ કરી હતી.જે મતલબ ની રજૂઆત કરેલ.બને પક્ષની દલીલો ધ્યાને લઈ ને સ્પે.પોકસો કોર્ટે આરોપી વિજય ઘુસાભાઈ ડાંગરને તકસીરવાન ઠરાવી આજીવન કેદ અને ૫૦,૦૦૦ નો દંડ ભરવા હુકમ કર્યો છે.આ કેસમાં મૂળ ફરિયાદી વતી રાજકોટના યુવા વકીલ કલ્પેશ એલ.સાકરિયા રોકાયા હતાં.જયારે સરકાર તરફે સરકારી વકીલ અતુલ.એચ.જોશી, તથા આબીદ એ.સોશને દલીલો કરી હતી.

# GPSC વર્ગ ૧ અને વર્ગ ૨ની ભરતીને લઈને નવા નિયમો જાહેર

નવી દિલ્હી, તા.૪

ગુજરાતમાં સરકારી નોકરી મેળવવા માગતા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. GPSCએ વર્ગ 1 અને વર્ગ 2ની ભરતીને લઈને નવા નિયમો જાહેર કર્યા. સામાન્ય વહીવટ વિભાગે વર્ગ 1 અને 2માં ભરતીને લઈને જાહેર કરેલ નિયમ મુજબ ગુજરાતી અને અંગ્રેજી એમ બંને ભાષામાં પરીક્ષા લેવામાં આવશે. અગાઉ 1 ફેબ્રુઆરી 2025 ના રોજ જાહેરાત વર્ગ 1 અને 2ની ભરતીની જાહેરાત કરાઈ હતી જેને ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહમાં રદ કરવામાં આવી હતી. અને હવે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ભરતીને લઈને નવા નિયમો જાહેર કરાયા છે.GPSC વર્ગ-1 અને 2ની ભરતી પરીક્ષામાં પ્રિલિમ અને મુખ્ય એમ બે ભાગમાં પરીક્ષા લેવાશે. ઉમેદવારે મુખ્ય પરીક્ષા આપતા પહેલા પ્રિલિમ પરિક્ષામાં ઉત્તીર્ણ થવું આવશ્યક છે. પ્રિલિમ પરિક્ષામાં ઓબ્જેક્ટિવ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. જ્યારે મુખ્ય પરીક્ષામાં પરિક્ષા આપવાની સાથે ફિઝિકલ ટેસ્ટ એટલે કે પર્સાનાલિટી ટેસ્ટ આપવો પડશે. ઉમેદવારો ખાસ ધ્યાનમાં રાખે કે ભરતી પરિક્ષા પહેલા જીપીએસસી પરીક્ષાને લઈને સિલેબસ જાહેર કરશે. ઉમેદવારના ઓર્ડર, પ્રેફરન્સ સહિતના નિયમોને લઈ ગેઝેટ જાહેર કરાશે.ગુજરાત જાહેર સેવા આયોગની ભરતી માટે પરીક્ષા આપનાર ઉમેદવારોએ પરીક્ષાલક્ષી વિવિધ માહિતી માટે GPSCની વેબસાઈટ હંમેશા ચેક કરતા રહેવી. GPSCની વેબસાઈટ ઉપર વિવિધ પોસ્ટની વિગતો, વય મર્યાદા, પરીક્ષાની મહત્વની તારીખો, ઉમેદવારની શૈક્ષણિક લાયકાત, તેમજ જેમાં તેઓ નોકરી કરવા માંગે તેનો પ્રકાર, પરીક્ષા આપવા માટે અરજી ફી તેમજ કઈ પોસ્ટ માટે કયા પ્રકારની અરજી, અને પોસ્ટ મુજબ પગાર ધોરણ સહિતની મહત્વની માહિતી જાણી શકાશે.


